આવશ્યક બને છે, અને રાજ્ય સરકારની તરફેથી અગાઉ દાખલ કરાયેલ સોગંદનામાંમાં પ્રકરણના સાચા તથ્યો અદાલત સમક્ષ મુકવામાં આવ્યા ન હતા તથા નાગરાજનનું સોગંદનામું, જેમાં કાનૂનની યોગ્ય સ્થિતિ પ્રતિબિંબિત થતી ન હતી અને જેમાં અદાલત સમક્ષ સાચા તથ્યો પણ રજૂ કરવામાં આવ્યા ન હતા, તેને અવગણવું જોઈએ, અને ત્યારબાદ દાખલ કરાયેલ સોગંદનામાને પરસ્પરવિરોધી અથવા અસંગત ગણવું નહીં જોઈએ, કારણ કે સરકારની ફાઈલોમાંથી પ્રતિપાદિત થતા સાચા તથ્યો તે સોગંદનામાંઓ દ્વારા અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ઉક્ત સોગંદનામાંઓમાં આ હકીકત પણ પ્રતિબિંબિત થતી હતી કે ન તો નાણાકીય મંજૂરી હતી, ન તો અંદાજપત્રીની જોગવાઈ હતી, અને ન તો બંધારણના અનુચ્છેદ ૧૬૬ (૩) ની જોગવાઈઓ હેઠળ ફરજિયાત આવશ્યક હોય તેવી મંત્રીમંડળની મંજૂરી હતી, અને તેથી ઉક્ત સૂચનાઓને કાનૂનની દ્રષ્ટિએ રાજ્ય સરકારનો નિર્ણય કહી શકાય નહીં. તા. ૧૨/૦૪/૨૦૦૧નું સોગંદનામું રાજ્યએ સમગ્ર પ્રકરણનું ઉચ્ચતમ સ્તરે પુનઃપરીક્ષણ કર્યા બાદ અને કાનૂની પાસાઓની તપાસ કર્યા બાદ વડી અદાલત સમક્ષ દાખલ કરવામાં આવ્યું હતું, કારણ કે એવું જાણવા મળ્યું હતું કે કેટલાક મુદ્દાઓ પ્રકરણના મૂળ આધાર સુધી પહોંચતા હતા અને વડી અદાલત સમક્ષ અગાઉ દાખલ કરાયેલ સોગંદનામાંઓમાં સરકારની ફાઇલો અને નોંધપોથીમાંથી ઉપજતા તમામ તથ્યો રજૂ કરવામાં આવ્યા ન હતા. ઉક્ત સોગંદનામું એ સમજાવવા માટે દાખલ કરવામાં આવ્યું હતું કે ઉક્ત સૂચનાઓના પરિણામે રાજ્ય પર રાહતના સ્વરૂપે ગંભીર નાણાકીય અસર ઊભી થઈ હતી, જે રાજ્યના હિતને

અનુરૂપ વહન કરી શકાય તેવી ન હતી અને રાજ્યના હિતને હાનિકારક હતી, ખાસ કરીને ઉક્ત સૂચનાને કાનૂની માન્યતાનો અભાવ અથવા ગેરહાજરી હોવાના પરિપ્રેક્ષ્યમાં. વધુમાં, ફરજિયાત વ્યવહાર નિયમોના ભંગનો ખુલાસો કરવા અને કાયદા મુજબ આવશ્યક એવા નિર્ણય માટે મંત્રીમંડળની મંજૂરી પ્રાપ્ત કરવામાં આવી નહોતી તથા રાહત માટે કોઈ અંદાજપત્રી ફાળવણી કરવામાં આવી નહોતી, તે દર્શાવવા માટે પણ આ સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું. આ સોગંદનામું એ સમજાવવા માટે દાખલ કરવામાં આવ્યું હતું કે રાજ્ય સરકાર આવી વિશાળ પ્રમાણની જવાબદારી વહન કરી શકે તેમ ન હતી.

૨૧. સામાવાળા–રાજ્યના અહીંના સામાવાળા સોગંદનામામાં આગળ બંધારણની વિવિધ જોગવાઈઓ તથા તેના હેઠળ બનાવાયેલા કાર્યવ્યવહાર નિયમોમાંથી ઉપજતી કાનૂની સ્થિતિનું પુનરોચ્ચાર કરવામાં આવ્યું છે અને જણાવાયું છે કે વિવાદિત અધિસૂચનાઓએ કાર્યવ્યવહાર નિયમ ૭ ની આવશ્યકતાઓનું પાલન કર્યું નહોતું અને તેથી તે સંપૂર્ણપણે દોષગ્રસ્ત હતી તથા રાજ્ય સરકાર પર તેની કોઈ બંધનકારક અસર નહોતી. ઉક્ત અધિસૂચનાઓમાં સમાયેલ નિર્ણય કાનૂનની કડક અને યથાર્થ સમજ મુજબ રાજ્ય સરકારનો નિર્ણય ગણાવી શકાય તેમ નહોતો. આ દલીલો સાથે રાજ્ય સરકાર તે ચુકાદાને સમર્થન અને સ્થિર રાખવાનો પ્રયત્ન કરે છે, જેના વિરુદ્ધ આ અદાલતમાં અપીલ દાખલ કરવામાં આવી છે.

૨૨. અપીલમાં રાજ્ય સરકારે દાખલ કરેલા તેના જવાબી સોગંદનામામાં કરાયેલા

વિવિધ નિવેદનોનો પ્રતિખંડન કરવા અપીલકર્તા – એમ.આર.એફ. લિમિટેડ દ્વારા પ્રતિજવાબ દાખલ કરવામાં આવ્યો છે.

૨૩. પક્ષકારોના વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એફ.એસ. નરીમન, ડૉ. રાજીવ ધવન, શ્રી એલ. નાગેશ્વર રાવ, શ્રી કે.એન. ભટ્ટ અને શ્રી શ્યામ દીવાનને અમે સાંભળ્યા છે, જેમણે તેમના તરફથી રજૂઆતોમાં અનુક્રમે ઉઠાવવામાં આવેલા મુદ્દાઓના સમર્થનમાં વિસ્તૃત દલીલો રજૂ કરી છે.

૨૪. વડી અદાલતે અહીં પડકારાયેલ તેના ચુકાદા દ્વારા તેની સમક્ષ પક્ષકારોએ ઉઠાવેલા દરેક વાંધાનો વિગતવાર વિચાર કર્યો છે. વડી અદાલત સમક્ષ જાહેર હિતમાં દાખલ કરવામાં આવેલી રિટ એપ્લિકેશનનો વિવિધ આધારો પર વિરોધ કરવામાં આવ્યો હતો. તેની ગ્રહ્યતાના આધારે પ્રાથમિક વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને વિરોધ કરવામાં આવ્યો હતો, જેના વિષયમાં વડી અદાલતે નીચે મુજબ ઠરાવ કરતાં વિચાર કર્યો હતો:–

અમને આ ઠરાવ કરતાં જરાય સંકોચ નથી કે અરજીને અગાઉના ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૯ના નિર્ણયનું સર્વોચ્ચ અદાલતના આદેશ સાથે વિલીનીકરણ થયું હોવાના આધાર પર કે પૂર્વનિર્ધારિત મુદ્દો હોવાના આધાર પર ફગાવવાની આવશ્યકતા નથી. આ બાબતે કોઈ વિવાદ નથી કે આ અધિસૂચનાઓની ગેરકાયદેસરતા તે અરજીઓમાં પડકારવામાં આવી નહોતી જેણે ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ નિર્ણય પામ્યો હતો અને હકીકતમાં, ઉક્ત પડકાર

ઉઠાવી શકાય તેમ પણ ન હતો, કારણ કે અરજદારોનો દાવો સંપૂર્ણપણે આ બે અધિસૂચનાઓના અસ્તિત્વ પર આધારિત હતો. જ્યારે અરજદારે તેમાં દર્શાવેલા કારણોસર અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવા વિનંતી સાથે વિવિધ દિવાની અરજી નં. ૬૩૭/૧૯૯૯ દાખલ કરી હતી, ત્યારે આ અદાલતે ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૦ના આદેશથી ઉક્ત અરજી નામંજૂર કરતાં નીચે મુજબનું કારણદર્શન આપ્યું હતું:-

એવું જણાય છે કે એક તબક્કે અરજદારે અન્ય રિટ એપ્લિકેશનોના જૂથ સાથે રિટ એપ્લિકેશન નં. ૩૧૬/૧૯૯૮ને હાથ ધરવાની પ્રાર્થના કરી હતી, પરંતુ દર્શાવેલ પ્રાર્થના પાછી ખેંચી લેવામાં આવી હતી. દર્શાવેલ રિટ એપ્લિકેશનોના જૂથમાં, ગોવા સરકારના તે નિર્ણયને પડકારવામાં આવ્યો હતો, જે મુખ્ય વિદ્યુત ઈજનેરે તા. ૩૧ માર્ચ, ૧૯૯૮ના પરિપત્ર દ્વારા ઔદ્યોગિક ગ્રાહકોને વિદ્યુત દર પર મળતી ૨૫% રાહતના મુક્તિકરણને સ્થગિત કરવાની બાબત અંગે સંપ્રેષિત કર્યો હતો. તા. ૧૫ મે, ૧૯૯૬ની અધિસૂચના, અથવા તા. ૧ ઓગસ્ટ, ૧૯૯૬ની અધિસૂચના, અથવા દર્શાવેલ અધિસૂચનાઓ રદબાતલ અને અમાન્ય છે તથા અગાઉના રિટ એપ્લિકેશનોના જૂથમાં તેમને અપાયેલ કોઈપણ અસરને નિષ્ફળ બનાવવાની બાબતે કોઈપણ પ્રકારનો પડકાર કરવામાં આવ્યો ન હતો, જે પ્રકારની ઘોષણા હવે રિટ એપ્લિકેશન નં. ૩૧૬/૧૯૯૮માં માંગવામાં આવે છે. તા. ૧૨ ડિસેમ્બર, ૧૯૯૫ના પત્ર દ્વારા ઘડવામાં આવેલી માર્ગદર્શિકાઓને પણ કોઈ પડકાર કરવામાં આવ્યો ન હતો, જેને હવે રિટ એપ્લિકેશન નં. ૩૧૬/૧૯૯૮માં આ આધાર પર પડકારવામાં

આવે છે કે તે ૧૯૯૧ની અધિસૂચનાની વ્યાપ્તિની બહાર જાય છે એટલી હદ સુધી ગેરકાયદેસર છે. અગાઉના રિટ એપ્લિકેશનોના જૂથમાં રાહતના મંજૂરી પ્રકરણની તપાસ માટે, અથવા જેમને હકીકતમાં ૨૫% રાહત ચૂકવવામાં આવી હતી અથવા સરભર કરવામાં આવી હતી તેવા એકમો સામે વસૂલાતની કાર્યવાહી શરૂ કરવા માટે, અથવા રાજ્યના ખજાનાને નુકસાન પહોંચાડવા બદલ સંબંધિત જાહેર સેવક અથવા સત્તાધિકારીઓની જવાબદારી નિશ્ચિત કરવા માટે કોઈ દિશા–નિર્દેશ માંગવામાં આવ્યા ન હતા. અમને ચુકાદો રજૂ કર્યા પછી, અરજદારના વિદ્ધાન વકીલે પોતે જ સ્વીકાર્યું હતું કે રિટ એપ્લિકેશન નં. ૩૧૬/૧૯૯૮માં માંગવામાં આવેલી કોઈપણ ઘોષણાઓ અથવા દિશા–નિર્દેશો અગાઉના રિટ એપ્લિકેશનોના જૂથમાં માંગવામાં આવ્યા ન હતા. તેથી, પ્રાથમિક દ્રષ્ટિએ એવું કહી શકાય નહીં કે અગાઉના રિટ એપ્લિકેશનોના જૂથમાં રહેલો વિવાદ અને વિચારાધીન રિટ એપ્લિકેશન એકસરખા છે.

પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા, અમારી મતે, અરજદારને રિટ એપ્લિકેશન નં. ૩૧૬/૧૯૯૮ પાછી ખેંચવાની પરવાનગી આપવા માટે કોઈ કેસ બનતો નથી. તદનુસાર, આ અરજી દ્વારા નામંજૂર કરવામાં આવે છે." તા. ૧૫મી મે, ૧૯૯૬ અને ૧લી ઑગસ્ટ, ૧૯૯૬ની સૂચનાઓ સામે કોઈપણ પ્રકારનો પડકાર કરવામાં આવ્યો ન હતો અને હાલની આ રિટ એપ્લિકેશનમાં જે જાહેરખબર હવે માંગવામાં આવે છે તે અગાઉની અરજીઓના સમૂહમાં વિવાદનો મુદ્દો ન હતો. અમને ચુકાદો રજૂ કર્યા પછી, વિદ્ધાન વરિષ્ઠ વકીલે સ્વીકાર્યું હતું કે રિટ એપ્લિકેશન નં. ૩૧૬/૧૯૯૮માંની કોઈપણ જાહેરખબર અથવા દિશાનિર્દેશો

અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં માંગવામાં આવ્યા ન હતા. તેથી, એવું કહી શકાય નહીં કે અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં રહેલો વિવાદ અને હાલ વિચારાધીન આ રિટ એપ્લિકેશનમાં રહેલો વિવાદ એકસરખો છે. તા. ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૦નો આ આદેશ હવે અંતિમ બની ગયો છે, ભલે તે વિવિધ દિવાની અરજી નં. ૬૩૭/૧૯૯૯ને નામંજૂર કરતો અંતરિમ આદેશ હતો. આ અદાલતને સંપૂર્ણ વિશ્વાસ હતો કે તા. ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૯નો ચુકાદો આપતી વખતે રિટ એપ્લિકેશન નં. ૩૧૬/૧૯૯૮માં ઉઠાવવામાં આવેલ પડકાર તેના વિચારાધીન મુદ્દા તરીકે હતો જ નહીં. આ કારણોસર, પ્રસ્તુત કેસમાં પૂર્વનિર્ણિત મુદ્દાનો સિદ્ધાંત લાગુ પડશે નહીં.

૨૫. સામાવાળાઓ દ્વારા વિલયના સિદ્ધાંતના આધારે ઉઠાવવામાં આવેલા આક્ષેપોને લગતા, વડી અદાલતે એવું ઠરાવ્યું છે કે, વડી અદાલતના તા. ૨૧/૦૧/૧૯૯૯ ના ચુકાદાને પડકારતી અપીલો આ અદાલતે ફગાવી દીધી હોવા છતાં, અને સંબંધિત મુદ્દાઓ પર વડી અદાલતના નિષ્કર્ષોને અવ્યક્ત રીતે સમર્થન મળ્યું હોવા છતાં, તેમજ કુનહાયમ્મદ વિ. સ્ટેટ ઑફ કેરળ, [(૨૦૦૦) ૬ એસ.સી.સી. ૩૫૯], ના કેસમાં આ અદાલતે પ્રતિપાદિત કરેલો સિદ્ધાંત વિલયના મુદ્દે સીધો લાગુ પડતો હોવા છતાં અને વડી અદાલતનો તા. ૨૧/૦૧/૧૯૯૯ નો ચુકાદો આ અદાલતના તા. ૧૩/૦૨/૨૦૦૧ ના આદેશમાં વિલય પામ્યો હોવા છતાં, આ અરજીમાં સંકળાયેલા મુદ્દાઓનો નિર્ણય કરવામાં વિલયનો સિદ્ધાંત અડચણરૂપ બનશે નહીં, કારણ કે આ મુદ્દાઓ અગાઉ

વડી અદાલત સમક્ષ ઉઠાવવામાં આવ્યા નહોતા અને તેથી તેના અગાઉના તા. ૨૧/૦૧/૧૯૯૯ ના ચુકાદામાં તેમના વિષે નિર્ણય કરવાની આવશ્યકતા પણ નહોતી, જે બાબત મિસ્. સિવિલ એપ્લિકેશન નં. ૬૩૭ /૧૯૯૯ માં તા. ૨૭/૦૧/૨૦૦૦ ના તેના દ્ધારા આપવામાં આવેલા આદેશથી સ્પષ્ટ થતી હતી. વડી અદાલતે ઠરાવ્યું કે મનોહર પાર્રીકરના રિટ એપ્લિકેશનમાં પડકારવામાં આવેલી અધિસૂચનાને લગતા પડકાર અંગે પોતાના ધ્યાનનું કેન્દ્રીકરણ કરવાની તેને કોઈ તક મળી નહોતી અને અગાઉના રિટ એપ્લિકેશનોના સમૂહમાં કાર્યવાહી માત્ર તા. ૩૧/૦૩/૧૯૯૮ ના આદેશ અને ત્યારબાદ રાજ્ય સરકારે તા. ૨૪/૦૭/૧૯૯૮ ના રોજ બહાર પાડેલી અનુગામી અધિસૂચના સામે જ કરવામાં આવી હતી. વડી અદાલતે નોંધ્યું છે કે રાજ્ય સરકારે તે રિટ એપ્લિકેશનોનો વિરોધ તા. ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ ની અધિસૂચનાઓની કાયદેસરતાની તપાસ કર્યા વિના કર્યો હતો અને એવી દલીલ કરી હતી કે રાહતરૂપ કપાતનો લાભ પાછો ખેંચવામાં આવ્યો કારણ કે રાજ્ય સરકાર આર્થિક સંકટનો સામનો કરી રહી હતી અને ઉક્ત લાભ રાજ્ય સરકારની નીતિ તરીકે શરૂ કરવામાં આવ્યો હતો, અને જ્યારે રાજ્યને એ અનુભવાયું કે રાહતરૂપ કપાતનો લાભ આગળ વધારવામાં તેને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે તેણે તે પાછો ખેંચવાનો નિર્ણય કર્યો, જેને વડી અદાલતે અગાઉની રિટ કાર્યવાહીના સમૂહમાં યથાવત્ રાખ્યો હતો. તેથી વડી અદાલતે એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે હવે એવું કહી શકાય નહીં કે રાજ્ય સરકાર એવો અભિપ્રાય લઈ શકતી નથી કે પડકારવામાં આવેલી અધિસૂચનાઓ

વ્યવહારના નિયમોની ફરજિયાત જોગવાઈઓનું પાલન કર્યા વિના બહાર પાડવામાં આવી હતી અથવા કાયદાની નજરે તે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી અધિસૂચનાઓ નહોતી. વડી અદાલતે વધુમાં પણ નોંધ્યું છે કે જો રાજ્યને આ અધિસૂચનાઓની કાયદેસરતા અંગે પોતાનો મુદ્દો રજૂ કરવાની કોઈ તક મળી નહોતી, તો યોગ્ય સમયે પડકાર ઉઠાવવાથી અથવા તે પડકારને સમર્થન આપવાથી તે પ્રતિબંધિત થતું નથી. વડી અદાલતે વધુમાં એવું પણ ઠરાવ્યું છે કે કારણ કે અહીંના પહેલા સામાવાળા વડી અદાલત સમક્ષ અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં પક્ષકાર નહોતા અને તેમની અરજી તે અરજીઓના સમૂહ સાથે તેમની અરજીની સુનાવણી કરવા બાબત પાછી ખેંચી લેવામાં આવી હતી, તેથી તા. ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ ની અધિસૂચનાઓ સામેના તેમના પડકારને આગળ ધપાવવાથી તેઓ પ્રતિબંધિત થતા નથી.

૨૬. એવી દલીલો પણ કરવામાં આવી હતી કે રાજ્ય સરકારને વિરોધાભાસી વલણ લેવાની મંજૂરી આપવામાં આવવી જોઈએ નહીં, કારણ કે અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં મુખ્ય વિદ્યુત ઈજનેર મારફતે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલા તેના બે સોગંદનામાં લેવામાં આવેલ વલણ પરસ્પર વિરોધાભાસી હતું. ઉક્ત દલીલ સામાવાળાઓએ મધ્યવર્તી અવધિ દરમિયાન સરકારમાં થયેલા ફેરફારને ધ્યાનમાં રાખીને ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો અને અહીંના પહેલા સામાવાળા સંબંધિત સમયે મુખ્ય પ્રધાન હતા. વડી અદાલતે આ દલીલોને એ કહીને નકારી કાઢી છે કે અહીંના પહેલા સામાવાળાએ પોતાની અરજીતે અગાઉ

પડકારેલી વિજ્ઞપ્તિઓ સામેનો પડકાર, ભલે દાખલ કરાયેલા સોગંદનામાં સ્વભાવથી વિરોધાભાસી હોય, તેમ છતાં તે સોગંદનામાઓની કસોટી પર નક્કી કરી શકાય તેમ નથી અને તે પડકારનો નિર્ણય તેના પોતાના ગુણદોષના આધાર પર, નોંધપોથી તથા સંવિધાનિક આદેશના આધારે જ થવો જરૂરી હતો. વડી અદાલતે અવલોકન કર્યું છે કે લોકશાહી વ્યવસ્થામાં સરકારોના નિર્ણયો લોકોના ભાગ્યનો નિર્ધાર કરે છે અને તેથી આવા નિર્ણયોની માન્યતા સરકારોના અધિકારીઓ દ્વારા દાખલ કરાયેલા સોગંદનામાંઓના આધારે અથવા તેમના દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી અધૂરી અથવા અપૂરતી માહિતીના આધારે નહીં, પરંતુ સંવિધાનની જોગવાઈઓ અને તે હેઠળ ઘડાયેલા કાર્ય વ્યવહારના નિયમોના આધારે નક્કી થવી જોઈએ. વડી અદાલતે વધુમાં એવું માન્યું કે પોતાને પુનઃ આશ્વસ્ત કરવા માટે નોંધપોથીની તપાસ કરવી તેની ફરજ હતી, જેથી તે નિશ્ચિત કરી શકે કે જે નિર્ણયો સરકાર દ્વારા લેવામાં આવ્યા હોવાનું દર્શાવવામાં આવે છે, તે હકીકતમાં અને કાયદાની દ્રષ્ટિએ સરકારના જ નિર્ણયો છે અને તે સંવિધાનના આદેશને અનુરૂપ છે. આ રીતે, વડી અદાલતે રિટ અરજાની જાળવણીક્ષમતા અંગેનો પ્રાથમિક વાંધો ફગાવી દીધો અને ઉપરોક્ત બે વિજ્ઞપ્તિઓ સામે કરવામાં આવેલા પડકારનો તેના ગુણદોષના આધારે નિર્ણય કરવા આગળ વધી.

૨૭. અમારા મતે, વિલયનો સિદ્ધાંત મૂળભૂત રીતે વરિષ્ઠ અદાલતો દ્વારા પસાર કરાયેલા આદેશોનો નીચલી અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશો સાથે વિલય

થવાનો અર્થ સૂચવે છે. આ અદાલતે શંકર રામચંદ્ર અભ્યંકર વિરુધ્ધ કૃષ્ણાજી દત્તાત્રેય બાપટ (એ.આઈ.આર. ૧૯૭૦ એસ.સી. ૧) ના કેસમાં, વરિષ્ઠ અદાલતના આદેશોનો નીચલી અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશો સાથે ક્યારે વિલય થઈ શકે તેની શરત નિર્ધારિત કરી છે. આ અદાલતે જણાવ્યું હતું કે, જો વરિષ્ઠ અદાલત દ્વારા, બંને પક્ષકારોની હાજરીમાં નોટિસ બહાર પાડ્યા પછી અને સંપૂર્ણ સુનાવણી કર્યા બાદ, તેની અપીલીય અથવા પુનરીક્ષણ અધિકારિતાનો ઉપયોગ કરતાં કોઈ ચુકાદો ઉચ્ચારવામાં આવે, તો તે નીચલી અદાલતના ચુકાદાનું સ્થાન લે છે. આ રીતે, વરિષ્ઠ અદાલતનો ચુકાદો જ એકમાત્ર અંતિમ ચુકાદો બને છે, જે કાયદા અનુસાર નીચેની અદાલત દ્વારા અમલમાં મૂકવાનો રહે છે. વિલય મૂળભૂત રીતે આદેશના પ્રવર્તમાન ભાગનો હોય છે અને જ્યારે વરિષ્ઠ અદાલતે ગુણદોષના આધાર પર કોઈ આદેશ કર્યો ન હોય તથા પક્ષકારો વચ્ચેના વિવાદની વરિષ્ઠ અદાલતે તપાસ કરી ન હોય, ત્યારે નીચલી અદાલતના આદેશનો વરિષ્ઠ અદાલતના આદેશ સાથે વિલય થવાનો સિદ્ધાંત લાગુ પડી શકતો નથી.

૨૮. વિલયનો પ્રશ્ન હાલની અરજીઓના તથ્યો અને પરિસ્થિતિઓમાં કોઈ અસરકારકતા ધરાવતો નથી, કારણ કે અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં વડી અદાલતે જે મુદ્દો નિર્ધારિત કર્યો હતો અને અનુવર્તી લોકહિત વાદમાં જે મુદ્દો ઉઠાવવામાં આવ્યો અને વિચારવામાં આવ્યો હતો, તે બંને સંપૂર્ણપણે ભિન્ન છે. બીજું, અમારા મત મુજબ, રેસ જુડિકેટાના સિદ્ધાંતો પણ આકર્ષિત થતા નથી,

કારણ કે અનુવર્તી લોકહિત વાદમાં ઉઠાવવામાં આવેલ અને વિચારાયેલ મુદ્દો અગાઉની વાદપ્રક્રિયાના ચરણમાં ઉઠાવવામાં આવેલો કે વિચારવામાં આવેલો નહોતો. આ સંદર્ભે, માધવી અમ્મા ભવાની અમ્મા અને અન્ય વિ. કુંજિકુટ્ટી પિલ્લૈ મીનાક્ષી પિલ્લૈ અને અન્ય, (૨૦૦૦) ૬ એસ.સી.સી. ૩૦૧ ના મામલે આ અદાલતે કરેલ નિરીક્ષણો સ્મરણ કરવા યોગ્ય છે, જેમાં અદાલતે નોંધ્યું હતું કે રેસ જુડિકેટાના સામાન્ય સિદ્ધાંતનો અમલ કરવા માટે, અદાલતે આ નિર્ધારિત કરવું આવશ્યક છે કે અનુવર્તી દાવામાંનો કોઈ મુદ્દો અગાઉના દાવા અથવા કાર્યવાહી દરમિયાન સીધો અને સત્વપૂર્ણ રીતે વિવાદમાં હતો કે નહીં, શું તે સમાન પક્ષકારો વચ્ચે હતો, અને શું તે આવી અદાલત દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યો હતો. તેથી, માત્ર એવો મુદ્દો જ ગણ્ય રહેશે જે ઉઠાવવામાં આવ્યો હોય અને નિર્ધારિત કરવામાં આવ્યો હોય; કોઈ એવો ગૌણ પ્રશ્ન, જેના પર એવો નિર્ણય પહોંચવા માટે માત્ર અનુસંગિક નિષ્કર્ષ નોંધાયો હોય, તે પૂરતું નથી. તેથી, જો એવો મુદ્દો ઉઠાવવામાં જ આવ્યો ન હોય અને કોઈ અન્ય મુદ્દા પર, અનુસંગિક રીતે કોઈ નિષ્કર્ષ નોંધાયો હોય, તો તે રેસ જુડિકેટાના સિદ્ધાંતની પરિધિમાં આવશે નહીં. તેમ છતાં, ભૂતપૂર્વ વીજ પ્રધાન તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી કે.એન. ભટ્ટ રજૂ કરે છે કે રેસ જુડિકેટા અને રચનાત્મક રેસ જુડિકેટાના સિદ્ધાંતો વડી અદાલતના અધિકારક્ષેત્રના ઉપયોગને અવરોધે છે, કારણ કે પ્રતિબંધ માત્ર અગાઉના વિવાદમાં સીધો ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તે મુદ્દા પર પણ લાગુ પડે છે જે ઉઠાવવામાં આવવો જોઈતો હતો. વધુમાં એવું રજૂ કરવામાં આવ્યું છે કે ૨૪/૦૩/૧૯૯૮ ની

તારીખની જાહેરનામાથી પૂર્ણ થયેલા નિર્ણયનો સમગ્ર અભિલેખ અગાઉની રિટ એપ્લિકેશનોમાં વડી અદાલત સમક્ષ ઉપલબ્ધ હતો અને રજૂ પણ કરવામાં આવ્યો હતો, અને તે જ નાણાં સચિવે, જેણે પોતાના મંત્રીમંડળ નોંધમાં એવો અભિપ્રાય આપ્યો હતો કે નાણાં વિભાગ સાથે પરામર્શ ન થતાં કાર્યસંચાલનના નિયમોનું ઉલ્લંઘન થયું હતું, તેણે ૨૪/૦૭/૧૯૯૮ ની તારીખનું જાહેરનામું બહાર પાડવાના નિર્ણય અંગે અગાઉની રિટ એપ્લિકેશનોમાં સોગંદનામું દાખલ કર્યું હતું. તેથી, વિદ્વાન વરિષ્ઠ વકીલ દલીલ કરે છે કે આ સામાવાળા સામે આ મુદ્દો નિર્ધારિત કરવામાં વડી અદાલતથી ભૂલ થઈ છે. આ રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વરિષ્ઠ વકીલે સ્ટેટ ઑફ કર્ણાટક વિ. ઑલ ઈન્ડિયા મેન્યુફેક્ચરર ઑર્ગેનાઈઝેશન અને અન્ય, [(૨૦૦૬) ૧ એસ.સી.સી. ૩૨] મામલે આ અદાલતે કરેલ નિરીક્ષણો પર ભાર મૂક્યો છે.

૨૯. અમે વરિષ્ઠ વકીલ શ્રી કે.એન. ભટ્ટ દ્વારા કરવામાં આવેલી રજૂઆતથી પ્રભાવિત નથી. અમારા મત પ્રમાણે, અગાઉની રિટ એપ્લિકેશનોનો વિષયવસ્તુ શ્રી મનોહર પારીકર દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિત અરજીથી સંપૂર્ણપણે ભિન્ન અને અલગ હતી. અગાઉની રિટ એપ્લિકેશનોમાં પડકાર રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી અધિસૂચના અને પરિપત્રો વિરુદ્ધ હતો અને હાલની રિટ એપ્લિકેશનોમાં વડી અદાલત મુખ્યત્વે તા. ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચનાઓની માન્યતા કે અમાન્યતા અંગે વિચારણા કરતી હતી. તેથી, અમારો મત છે કે ઉપરોક્ત મુદ્દા પર વડી અદાલત દ્વારા

અપાયેલ તર્ક અને કરવામાં આવેલા નિષ્કર્ષો કાયદા અનુસાર તેમજ આ અદાલત દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતો અનુસાર છે. તેથી, અમે વડી અદાલત દ્વારા કરવામાં આવેલા નિષ્કર્ષ સાથે સંમત છીએ.

૩૦. અહીંના અપીલકર્તાઓએ ગોવા સરકાર દ્વારા બનાવવામાં આવેલા વ્યવસાયના નિયમોની પ્રકૃતિ અંગેનો એક મુદ્દો ઉઠાવ્યો છે, અર્થાત્ આ નિયમો માર્ગદર્શક છે કે ફરજિયાત. નિઃસંદેહ, આ તેમનો મુખ્ય તર્ક છે. વડી અદાલતમાં પણ તેમનો તર્ક એવો હતો કે ગોવા રાજ્યના વ્યવસાયના નિયમો માર્ગદર્શક છે અને ફરજિયાત નથી, અને આવા નિયમોનું પાલન કરવામાં થયેલી નિષ્ફળતા રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયને રદબાતલ બનાવતી નથી. શ્રી એફ.એસ. નરીમાન, વિદ્વાન વરિષ્ઠ વકીલે રજૂ કર્યું કે હવે કાયદો સ્થિર થઈ ગયો છે કે વ્યવસાયના નિયમોના પાલનમાં થયેલો ભંગ નિર્ણય અથવા આદેશને દૂષિત કરતો નથી, કારણ કે વ્યવસાયના નિયમો માત્ર માર્ગદર્શક છે, ફરજિયાત નથી. વિદ્વાન વરિષ્ઠ વકીલે દત્તાત્રેય મોરેશ્વર પાંગરકર વિ. બોમ્બે રાજ્ય – [(૧૯૫૨) એસ.સી.આર. ૬૧૨] ના કેસમાં આ અદાલતના નિર્ણય તરફ અમારું ધ્યાન દોર્યું છે. ઉક્ત નિર્ણયમાં અદાલતે નીચે મુજબ અવલોકન કર્યું છે :

"સામાન્ય રીતે એવું સુસ્થાપિત છે કે જાહેર ફરજો સર્જતી કાયદાકીય જોગવાઈઓ સ્વભાવથી નિર્દેશાત્મક હોય છે અને ખાનગી હકો અર્પતી જોગવાઈઓ અનિવાર્ય હોય છે. જ્યારે કાયદાની જોગવાઈઓ જાહેર ફરજના પાલન સાથે સંબંધિત હોય અને પરિસ્થિતિ એવી હોય કે આ ફરજની અવગણના કરીને કરવામાં આવેલા

કૃત્યોને રદબાતલ અને અમાન્ય ઠરાવવાથી, તે ફરજ સોંપવામાં આવેલી વ્યક્તિઓ ઉપર કોઈ નિયંત્રણ ન ધરાવતા લોકોને ગંભીર સામાન્ય અસુવિધા કે અન્યાય થાય, અને તે સાથે વિધાનમંડળના મુખ્ય હેતુને પ્રોત્સાહન પણ ન મળે, ત્યારે અદાલતોની પ્રથા એવી રહી છે કે આવી જોગવાઈઓને માત્ર નિર્દેશાત્મક માનવી, અને તેમની અવગણનાથી કરવામાં આવેલા કૃત્યોની માન્યતા પ્રભાવિત ન થાય. ઉપર ઉલ્લેખિત કેસમાં, ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ ના ૯મા અનુસૂચિની કલમ ૪૦(૧) ના અર્થઘટનના પ્રસંગે ફેડરલ અદાલતના લોર્ડશીપ્સને જે વિચારણાઓ પ્રબળ લાગી હતી, તે જ વિચારણાઓ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬૬ પર સમાન બળપૂર્વક લાગુ પડે છે એવું મને જણાય છે. જૂની જોગવાઈઓને અનુચ્છેદ ૧૬૬ માં બે ઉપકલમોમાં વિભાજિત કરવામાં આવી છે તે હકીકતથી, આ અનુચ્છેદના અર્થમાં કોઈ ફરક પડે છે એવું મને જણાતું નથી. અનુચ્છેદ ૧૬૬ ની આવશ્યકતાઓનું કડક પાલન આદેશને એવી સુરક્ષા આપે છે કે તે રાજ્યપાલ દ્વારા કરાયેલ આદેશ નથી એવા આધારે તેને પડકારી શકાતો નથી. તેથી, જો તે અનુચ્છેદની આવશ્યકતાઓનું પાલન કરવામાં ન આવ્યું હોય, તો તેનાથી ઉત્પન્ન થતી સુરક્ષાનો દાવો રાજ્ય કરી શકશે નહીં. તેમ છતાં, આથી આદેશ પોતે અમાન્ય બનતો નથી. તેથી સ્થિતિ એવી છે કે, પ્રિવેન્ટિવ ડિટેન્શન એક્ટ કલમ ૧૧(૧) હેઠળ અટકાયતના આદેશની પુષ્ટિ કરવા માટે કારોબારી નિર્ણય — તેને આદેશ કહો કે કારોબારી કાર્યવાહી — આવશ્યક રાખે છે, પરંતુ તે અધિનિયમ પોતે તે કારોબારી નિર્ણયની અભિવ્યક્તિ માટે કોઈ વિશિષ્ટ સ્વરૂપ નિર્ધારિત કરતું નથી.

અનુચ્છેદ ૧૬૬ નિર્દેશ કરે છે કે તમામ કારોબારી કાર્યવાહી તેમાં નિર્ધારિત રીતથી વ્યક્ત અને પ્રમાણિત થવી જોઈએ, પરંતુ તે જોગવાઈઓનું પાલન કરવામાં થયેલી ચૂકથી કારોબારી કાર્યવાહી રદબાતલ બની જતી નથી.

૩૧. આ અદાલતના ગુલાબરાવ કેશવરાવ પાટીલ અને અન્ય વિ. ગુજરાત રાજ્ય (૧૯૯૬) ૨ એસસીસી ૨૬ ના નિર્ણયનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં નીચે મુજબ નોંધવામાં આવ્યું હતું:

કલમ ૧૬૬(૧) અને (૨) સ્પષ્ટપણે તમામ કાર્યપાલક કાર્યવાહીનું પ્રમાણીકરણ અનુમાનિત કરે છે અને તે રાજ્યપાલના નામે કરવામાં આવી હોવાનું વ્યક્ત થવું જોઈએ તથા રાજ્યપાલ દ્વારા બનાવવામાં આવેલા નિયમોમાં નિર્દિષ્ટ રીત મુજબ તેનું પ્રમાણીકરણ થવું જોઈએ. કલમ ૧૬૬(૩) હેઠળ, રાજ્યપાલને રાજ્ય સરકારના કારોબારના વધુ સુવિધાજનક વ્યવહાર માટે, તથા ઉક્ત કારોબારનું મંત્રીઓ વચ્ચે વહેંચાણ કરવા માટે, જ્યાં સુધી તે એવો કારોબાર ન હોય કે જેના સંબંધે રાજ્યપાલને સંવિધાન દ્વારા અથવા તેના હેઠળ પોતાના વિવેકાધિકારે કાર્ય કરવું જરૂરી હોય, નિયમો બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. અન્ય શબ્દોમાં કહીએ તો, જ્યાં રાજ્યપાલ પોતાના વ્યક્તિગત વિવેકાધિકારે પોતાની સંવિધાનિક ફરજો બજાવે છે તેવા કિસ્સાઓ સિવાય, સરકારનો અન્ય કારોબાર સંવિધાનની કલમ ૧૬૬(૩) હેઠળ બનાવવામાં આવેલા કારોબાર નિયમો મુજબ સુવિધાપૂર્વક ચલાવવામાં આવવો આવશ્યક છે. જો સરકારની કાર્યવાહી અને આદેશનું કલમ ૧૬૬(૨) અને કારોબાર નિયમ ૧૨

મુજબ વિધિવત્ પ્રમાણીકરણ કરવામાં આવ્યું હોય, તો તે નિશ્ચિત અને અખંડનીય અનુમાન ઊભું કરે છે કે નિર્ણય નિયમો અનુસાર વિધિવત્ લેવામાં આવ્યો હતો.

૩૨. શ્રી એફ.એસ. નરીમાનએ ત્યારબાદ આ અદાલતના આર. ચિત્રલેખા અને અન્ય વિ. મૈસૂર રાજ્ય, [૧૯૬૪ (૬) એસ.સી.આર. ૩૬૮], ના નિર્ણય પર આધાર રાખ્યો, જેમાં આ અદાલતે જણાવ્યું છે કે સંવિધાનના અનુચ્છેદ ૧૬૬ ની જોગવાઈઓ સ્વરૂપે માત્ર નિર્દેશાત્મક છે અને આદેશાત્મક નથી, એ "સ્થિર કાનૂન" છે. અને જો તેનું પાલન કરવામાં ન આવ્યું હોય, તો હકીકતના પ્રશ્ન તરીકે આ બાબત સ્થાપિત કરી શકાય છે કે પડકારાયેલો આદેશ હકીકતમાં રાજ્યપાલ દ્વારા જારી કરવામાં આવ્યો હતો."

૩૩. હરિદ્વાર સિંહ વિ. બાગુન સુમ્બુરુઈ, [(૧૯૭૩) ૩ એસીસી ૮૮૯], માં નીચે મુજબ નોંધવામાં આવ્યું હતું.

કાયદાના નિર્ધારિત પ્રકરણોમાં આ પ્રશ્ન નક્કી કરવા માટે કે કાયદામાંની કોઈ જોગવાઈ, અથવા કોઈ નિયમ, આદેશાત્મક છે કે માર્ગદર્શક, અનેક કસોટીઓ પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ મુદ્દા વિષે કોઈ સર્વવ્યાપક નિયમ નિર્ધારિત કરી શકાય તેમ નથી. દરેક પ્રકરણમાં વિષયવસ્તુ તરફ જોવું જરૂરી બને છે અને જે જોગવાઈની અવગણના કરવામાં આવી છે તેની મહત્તા તથા જે સામાન્ય હેતુની સુરક્ષા કરવાનો આશય છે તેના સાથે તે જોગવાઈનો કેવો સંબંધ છે તેનો

વિચાર કરવો પડે છે. પ્રતિબંધાત્મક અથવા નકારાત્મક શબ્દો ભાગ્યે જ માર્ગદર્શક હોઈ શકે અને તેમાંથી એવો આશય સૂચિત થાય છે કે જોગવાઈ આદેશાત્મક હોવી જોઈએ. જ્યાં કોઈ નિર્ધારણ જાહેર ફરજના પાલન સાથે સંબંધિત હોય અને તેની અવગણના કરીને કરાયેલા કૃત્યોને અમાન્ય ગણવામાં આવે તો તેનાથી વ્યાપક અને ગંભીર સામાન્ય અસુવિધા ઉપજે અથવા એવા વ્યક્તિઓ પ્રત્યે અન્યાય થાય કે જેઓને ફરજ સોંપવામાં આવી છે તેમના ઉપર કોઈ નિયંત્રણ નથી, ત્યાં આવા નિર્ધારણને સામાન્ય રીતે માત્ર તે લોકોના માર્ગદર્શન માટેનો નિર્દેશ માનવામાં આવે છે જેઓ ઉપર આવી ફરજ લાદવામાં આવી છે.

૩૪. મોન્ટ્રીયલ સ્ટ્રીટ રેલી કો. વિરુધ્ધ નોર્મેન્ડિન – ૧૯૧૭ એ.સી. ૧૭૦ માં, એવું ઠરાવવામાં આવ્યું છે :

કાયદાઓમાં આ જોગવાઈઓના અનનુસરણનું પરિણામ શું થવાનું તે અંગે કોઈ વિધાન સામેલ નથી. અપીલકર્તાઓ તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે તેનું પરિણામ એ છે કે નીચલી અદાલતમાં થયેલ વિચારણા અયોગ્ય અધિકારક્ષેત્રવાળી અદાલત સમક્ષ હતી અને તેને રદબાતલ તરીકે ગણવી આવશ્યક છે. આ સ્વરૂપના કાયદાઓનું અર્થઘટન કરતી વખતે જે સિદ્ધાંતો સ્વીકારવામાં આવ્યા છે તેમનો, તથા અહીં ઊભા થયેલા વિશિષ્ટ પ્રશ્ન સંબંધિત જ્યાં સુધી કોઈ સત્તાધિક નિર્ણયો ઉપલબ્ધ હોય ત્યાં સુધી તેમનો, વિચાર કરવો આવશ્યક છે. કાયદાની કોઈ જોગવાઈ માર્ગદર્શક છે કે આદેશાત્મક છે તે પ્રશ્ન આ

દેશમાં ખૂબ જ વારંવાર ઊભો થયો છે, પરંતુ એવું કહેવામાં આવ્યું છે કે કોઈ સામાન્ય નિયમ નિર્ધારિત કરી શકાય તેમ નથી અને દરેક પ્રકરણમાં કાયદાનો હેતુ ધ્યાનમાં લેવો જ જોઈએ. આ વિષય સંબંધિત નિર્ણયો મેક્સવેલ ઓન સ્ટેટ્યુટ્સ, ૫મી આવૃત્તિ, પૃષ્ઠ ૫૯૬ તથા તે પછીના પૃષ્ઠોમાં સંકલિત જોવા મળશે. જ્યારે કાયદાની જોગવાઈઓ જાહેર ફરજના પાલન સાથે સંબંધિત હોય અને પરિસ્થિતિ એવી હોય કે આ ફરજની અવગણના કરીને કરવામાં આવેલ કૃત્યોને રદ અને અમાન્ય ઠરાવવાથી વ્યાપક ગંભીર અસુવિધા ઊભી થાય, અથવા એવા વ્યક્તિઓ પ્રત્યે અન્યાય સર્જાય જેઓને ફરજ સોંપાયેલાઓ ઉપર કોઈ નિયંત્રણ નથી, અને સાથે સાથે એવો અભિગમ વિધાનમંડળના મુખ્ય હેતુને પણ પ્રોત્સાહન આપતો ન હોય, ત્યારે આવી જોગવાઈઓને માત્ર માર્ગદર્શક માનવાની પ્રથા રહી છે; અને તેમનું અનનુસરણ દંડનીય હોવા છતાં, તે કરવામાં આવેલ કૃત્યોની માન્યતા પર અસર કરતું નથી.

(ભાર મૂક્યો છે)

૩૫. આર .વિ. ઈમિગ્રેશન અપીલ ટ્રિબ્યુનલ એક્સ પાર્ટે જેયેન્થન ૧૯૯૯ (૩) એ.ઈ.આર ૨૩૧ માં, એવું અવલોકિત કરવામાં આવ્યું છે :

પ્રશ્ન સામાન્ય મહત્વનો છે અને ઈમિગ્રેશન (સ્થળાંતર) ના ક્ષેત્રની બહાર પ્રક્રિયાત્મક આવશ્યકતાઓનું પાલન ન થવાના પ્રશ્ન માટે તેના પરિણામો છે. જ્યારે કાયદા અથવા નિયમાવલીએ નિર્ધારિત કરેલી પ્રક્રિયાત્મક આવશ્યકતાનું પાલન થયું ન હોય ત્યારે પરંપરાગત દૃષ્ટિકોણ એવો રહ્યો છે કે જે આવશ્યકતાનું

પાલન કરવામાં આવ્યું નથી તેને દિશાનિર્દેશાત્મક કે ફરજિયાત એમ વર્ગીકૃત કરવી જોઈએ કે નહીં તે વિચારવું. જો તેને દિશાનિર્દેશાત્મક તરીકે વર્ગીકૃત કરવામાં આવે તો સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે તેને સુરક્ષિત રીતે અવગણવી શક્ય છે. જો તેને ફરજિયાત તરીકે વર્ગીકૃત કરવામાં આવે તો સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ખામીનું નિવારણ થઈ શકતું નથી અને તેથી આવશ્યકતા પર આધારિત અનુગામી ઘટનાઓ રદબાતલ અથવા શૂન્ય બને છે અથવા અધિકારક્ષેત્ર વિના કરવામાં આવી હોવાનું અને બિનઅસરકારક હોવાનું પરિણામ આવે છે. સ્થિતિ એટલી સરળ નથી અને આ દૃષ્ટિકોણથી તે મહત્વના પ્રશ્ન પરથી ધ્યાન ભટકે છે કે આવું પાલન ન થવા અંગે ધારાસભ્યનો કયો આશય હતો એવું માનવું જોઈએ. તેનો અંદાજ કાયદાની ભાષાને પાલન ન થવાની વાસ્તવિક પરિસ્થિતિઓ સામે રાખીને કરવો પડે છે. મોટાભાગના કેસોમાં, આવશ્યકતા ફરજિયાત છે કે દિશાનિર્દેશાત્મક છે તેની પૂછપરછથી મર્યાદિત, જો કોઈ હોય તો, મદદ મળે છે. જો 'શેલ' અથવા 'મસ્ટ' જેવા શબ્દો વપરાયા હોય તો આવશ્યકતાને ક્યારેય વૈકલ્પિક બનાવવાનો આશય હોવો જ નથી. નક્કી કરેલા પ્રપત્રનો ઉપયોગ કરવાની આવશ્યકતા ત્યાં વધુ શક્યતા સાથે ફરજિયાત ગણાય છે જ્યાં તે પ્રપત્રમાં એવી સૂચના સામેલ હોય જે જનતાના સભ્યને તેના અધિકારોની જાણ થાય તે માટે રચાયેલ હોય, જેમ કે અપીલના અધિકારની સૂચના. અપીલના અધિકારના પ્રસંગે, જો સૂચના ન હોવા છતાં જનતાનો સભ્ય પોતાનો અપીલનો અધિકાર વાપરે, તો સામાન્ય રીતે પ્રપત્રનો ઉપયોગ ન કરવાનું તત્વ અપીલના પરિણામની પરવા કર્યા વિના કોઈ

મહત્વનું રહેતું નથી. નિશ્ચિતપણે એવું કહી શકાય કે આ આવશ્યકતાના રચયિતાના આશય સાથે સુસંગત છે. એવા કેસો છે જેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે ગ્રહિતાને કોઈ હાનિ ન થઈ હોય છતાં, ઉદાહરણ તરીકે, તેને અપીલના અધિકારની જાણ હતી પરંતુ તેણે તેમ કર્યું નહોતું, તોય પાલન ન થવું ઘાતક જ રહે છે. આવા નિર્ણયોનું સ્પષ્ટીકરણ એ છે કે આવશ્યકતાનું પાલન ન કરવા સામે પ્રતિબંધક અસર સર્જવા માટે આ કડક પરિણામ લાદવામાં આવે છે. તેમ છતાં, જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં પણ જો આ તેના અધિકારોની જાણ કરાવવાના હિતગ્રાહકના હિતમાં ન હોય, તો પરિણામો ભિન્ન હોઈ શકે છે. કારણ કે એવી પ્રક્રિયાત્મક આવશ્યકતા, જેને એટલી મૂળભૂત બનાવી દેવામાં આવે કે તેમાંનો કોઈ પણ વિચલન ત્યારબાદ જે કંઈ બને તે બધું અપરિવર્તનીય રીતે રદબાતલ બનાવી દે, તેના ખૂબ જ અનિચ્છનીય પરિણામો થઈ શકે છે, તેથી આશા રાખવાની કે આવા પ્રભાવ માટે નિર્ધારિત જોગવાઈઓ બહુ ઓછી હશે. મોટાભાગના કેસોમાં, આવશ્યકતા દિશાનિર્દેશાત્મક ગણાય કે ફરજિયાત, જે અધિકરણ સમક્ષ ખામી યોગ્ય રીતે ઉઠાવવામાં આવે છે તેને આ પ્રશ્ન નક્કી કરવાનો કાર્ય હોય છે કે જે કેસમાં પ્રશ્ન ઊભો થાય છે તેમાં રહેલાં તમામ તથ્યો અને પરિસ્થિતિઓના સંદર્ભમાં આ આવશ્યકતાનું પાલન ન થવાના શું પરિણામો થવા જોઈએ. આવી સ્થિતિમાં તે અધિકરણનું કાર્ય તમામ પરિસ્થિતિઓમાં ન્યાયસંગત હોય તે કરવાનું રહેશે (જોવો બ્રેહેડ (એસ્કોટ) લિમિટેડ વિ. બર્કશાયર સી.સી. [૧૯૬૪] ૧ ઑલ ઈ.આર. ૧૪૯, [૧૯૬૪] ૨ ક્યૂ.બી. ૩૦૩, જેનો લોર્ડ્સના ગૃહે લંડન એન્ડ એ ક્લાઇડસાઇડ એસ્ટેટ્સ

લિમિટેડ વિ. એબરડીન ડી.સી. [૧૯૭૯] ૩ ઑલ ઈ.આર. ૮૭૬, [૧૯૮૦] ૧ ડબલ્યુ.એલ.આર. ૧૮૨ માં અનુસરણ કર્યો હતો). તેના વિરોધમાં, કોઈ આવશ્યકતા સ્પષ્ટપણે દિશાનિર્દેશાત્મક હોઈ શકે કારણ કે તે સમયમર્યાદા નિર્ધારિત કરે છે પરંતુ પાલન માટેનો સમય વધારવાની સ્પષ્ટ સત્તા અધિકરણને આપવામાં આવેલી હોય છે. જો અધિકરણ સમયવધારો મંજૂર કરે અથવા નામંજૂર કરે તો સ્થિતિ સ્પષ્ટ બને છે. જો સમયમર્યાદા વધારવામાં આવે તો આવશ્યકતાને કોઈ મહત્વ રહેતું નથી. જો સમયવધારો નામંજૂર કરવામાં આવે તો આવશ્યકતા નિર્ણાયક બની જાય છે. ઉદાહરણ તરીકે, તે જનતાના સભ્યને અપીલના એવા અધિકારથી વંચિત કરી શકે છે કે જે સમયસર વપરાયો હોત તો અવશ્ય સફળ થવાનો હતો. આ છેલ્લી સ્થિતિમાં દિશાનિર્દેશાત્મક આવશ્યકતાના પરિણામો કોઈપણ ફરજિયાત આવશ્યકતા જેટલા જ મહત્વપૂર્ણ બને છે. જ્યાં અધિકરણ સમક્ષ અપીલ કરવા માટે પરવાનગીની જરૂર હોય પરંતુ તે સમયે તેની કદર ન કરવામાં આવી હોય, ત્યાં સ્થિતિ સહેલી નથી. આ અર્થમાં આવશ્યકતા ફરજિયાત છે કે જે અધિકરણ સમક્ષ અથવા જેના વિરુદ્ધ અપીલ લાવવામાં આવી રહી હતી તે પક્ષને પરવાનગી વિના અપીલ આગળ વધે તે અંગે વાંધો ઉઠાવવાનો અધિકાર હોત અને તેમણે એવો વાંધો ઉઠાવ્યો હોત તો અપીલ સ્વીકારવામાં આવી ન હોત. પરંતુ, જો આવશ્યકતાના અસ્તિત્વથી અજાણ હોવાથી કોઈ વાધો ઉઠાવવામાં આવ્યો ન હોય અને અપીલ સાંભળી મંજૂર કરવામાં આવી હોય, તો પછી શું સ્થિતિ થાય? ભૂલની જાણ થયા પછી અપીલકર્તાને અપીલનો લાભ છીનવી લેવો જોઈએ? જો તેનો જવાબ હા

હોય તો પરિણામ અત્યંત અન્યાયી થઈ શકે. ખાસ કરીને એવી સ્થિતિમાં તો વધુ, જ્યાં વાસ્તવમાં અધિકરણે ભૂલથી અપીલકર્તાને જણાવ્યું હોય કે પરવાનગીની જરૂર નથી અને જો તેને ખોટી માહિતી આપવામાં આવી ન હોત તો તે અરજી કરવા માટે સમયમર્યાદામાં હોત. શું આવશ્યકતાના રચયિતાનો એવો આશય હોઈ શકે કે આ આવશ્યકતાનો એવો પ્રભાવ થવો જોઈએ કે જેના કારણે અપીલકર્તા પોતાની અપીલના લાભથી વંચિત થઈ જાય? સ્પષ્ટપણે નહીં. આવી સ્થિતિમાં પાલન ન થવાનું તત્વ લગભગ અનિવાર્ય રીતે બિનમહત્વપૂર્ણ ગણાશે. યાદ રાખવું જોઈએ કે પ્રક્રિયાત્મક આવશ્યકતાઓ ન્યાયના હિતોને આગળ વધારવા માટે રચાયેલી છે અને જે કોઈ પરિણામ તે હિતોના વિરુદ્ધ જાય તે પરિણામને નોંધપાત્ર સંકોચ સાથે જ સ્વીકારવું જોઈએ.

૩૬. એટર્ની જનરલના રેફરન્સ (નં. ૩ of ૧૯૯૯), ૨૦૦૧(૧) એઈઆર ૫૭૭ માં, એવું ધરાવવામાં આવ્યું છે:

લોર્ડશીપ્સ, હું તાત્કાલિક સ્વીકારું છું કે જે ઉપકલમનો ૧૯૮૪ના અધિનિયમમાં અથવા અન્ય કોઈ કાયદામાં કોઈ સમકક્ષ પ્રાવધાન નથી, તેની યોગ્ય વ્યાખ્યા અંગે યુક્તિસંગત મતોમાં ફરક હોઈ શકે છે. તેમ છતાં, એવા દૃઢ આધારબિંદુઓ દેખાય છે, જે પ્રમાણમાં સ્પષ્ટ ઉત્તર તરફ દોરી શકે. આ બાબતનો માર્ગ ફરિયાદ પક્ષે અપનાવેલા એ અભિગમ મુજબ નથી કે સંબંધિત પ્રાવધાન ફરજીયાત છે કે નિર્દેશાત્મક. લંડન એન્ડ ક્લાઇડસાઇડ એસ્ટેટ્સ લિ. વિરુધ્ધ એબરડિન ડી.સી. [૧૯૭૯] ૩ ઓલ ઈ.આર. ૮૭૬ પૃષ્ઠ ૮૮૨– ૮૮૪ પર, [૧૯૮૦] ૧

ડબ્લ્યુ.એલ.આર. ૧૮૨ પૃષ્ઠ ૧૮૮–૧૯૦ પર, લોર્ડ હેલ્શમ ઑફ સેન્ટ મેરીલેબોન એલ.સી.એ આ દ્વિવિભાજન પર વિચાર કરીને 'કોઈ ચોક્કસ મામલાને પરસ્પર વિરુદ્ધ અને સ્પષ્ટપણે વિભાજિત ખાનાઓમાંથી એકમાં અથવા બીજામાં જબરદસ્તી ગોઠવવાના' અભિગમ સામે ચેતવણી આપી હતી. આર વિરુધ્ધ ઈમિગ્રેશન અપીલ ટ્રિબ્યુનલ, એક્સ પી જેયકન્થન [૧૯૯૯] ૩ ઓલ ઈ.આર. ૨૩૧ પૃષ્ઠ ૨૩૭ પર, [૨૦૦૦] ૧ ડબ્લ્યુ.એલ.આર. ૩૫૪ પૃષ્ઠ ૩૬૦ પર, લોર્ડ વુલ્ફ એમ.આર., હાલના લોર્ડ ચીફ જસ્ટિસે, આ ચેતવણીનું સમર્થન કરતાં નિર્ધારિત કર્યું હતું કે 'અનુપાલનના અભાવના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવું ઘણું વધુ મહત્વનું છે...'. આ જ રીતે હું આ બાબતનો અભિગમ અપનાવીશ.

૩૭. સેકહોન અને અન્ય વિ. આર માં, ૨૦૦૩(૩) એઈઆર ૫૦૮, એમ નિરીક્ષણ કરવામાં આવ્યું છે :

૨૫. એક બાજુ ફરજિયાત આવશ્યકતાઓ અને બીજી બાજુ નિર્દેશાત્મક આવશ્યકતાઓ વચ્ચેનો ભેદ લાગુ પાડવામાં અદાલતોને મુશ્કેલીઓ ઊભી થાય છે, તેમાં કોઈ શંકા નથી. ભલે 'નિર્દેશાત્મક' અને 'ફરજિયાત' શબ્દો વપરાયેલા ન હોય, તોય પ્રશ્ન યથાવત્ રહે છે કે પ્રક્રિયાત્મક આવશ્યકતાઓનું પાલન ન થવાથી શું અસર થાય છે. લિવરપૂલ બરો બેંક વિ. ટર્નર (૧૮૬૧) ૩૦ એલ.જે. સી.એચ. ૩૭૯ પૃષ્ઠ ૩૮૧ પર, ૪૫ ઈ.આર. ૭૧૫ પૃષ્ઠ ૭૧૮ પરના મામલે લોર્ડ કેમ્પબેલ એલ.સી. દ્વારા સૂચિત મુજબ, જે જરૂરી છે તે એ છે કે, 'જે

કાનૂનનું અર્થઘટન કરવાનું હોય તેના સંપૂર્ણ વ્યાપને સાવધાનીપૂર્વક ધ્યાનમાં રાખીને, વિધાનમંડળનો વાસ્તવિક આશય જાણવાનો પ્રયાસ કરવો.'

૩૮. હેલ્સબરીઝ લૉઝ ઑફ ઇંગ્લૅન્ડ, ૪થી આવૃત્તિ, રી–ઇશ્યૂ, ખંડ ૪૪(૧) ના પરિચ્છેદ ૧૨૩૭ અને ૧૨૩૮ માંથી કેટલાક અવતરણોનો ઉલ્લેખ કરી શકાય :

૧૨૩૭. સારભૂત અને પ્રક્રિયાત્મક અધિનિયમો. સારભૂત અસર ધરાવતા અધિનિયમો અને માત્ર પ્રક્રિયાત્મક હોય એવા અધિનિયમો વચ્ચે ભેદરેખા દોરી શકાય છે. અહીં 'સારભૂત' નો અર્થ કાનૂનના તત્ત્વસ્વરૂપ સાથે સંબંધ ધરાવતો એવો થાય છે, વિશેષ કરીને કાનૂની હકો, સત્તાઓ અથવા ફરજોની પ્રકૃતિ અને અસ્તિત્વ સાથે સંબંધિત, જ્યારે પ્રક્રિયા તત્ત્વસ્વરૂપ કરતાં વધુ ઔપચારિકતાઓ અને તકનીકી બાબતો સાથે સંબંધિત હોય છે. પ્રક્રિયાત્મક ફેરફારથી સંબંધિત તમામ માટે બાબતોમાં સુધારો થવાની અપેક્ષા રહે છે (અથવા ઓછામાં ઓછું કેટલાક માટે તો સુધારો થાય જ, અને જે અન્ય કોઈ વ્યક્તિ સામાન્ય કાળજી, સતર્કતા અને તત્પરતા રાખે છે તેને કોઈ હાનિ ન પહોંચે). આ ભેદ એવો પ્રશ્ન નક્કી કરે છે કે કાયદેસર આવશ્યકતા ફરજિયાત છે કે માત્ર નિર્દેશાત્મક, કોઈ અધિનિયમની અસર પૂર્વલક્ષી છે કે નહીં, અને મર્યાદાનો ગાળો કયા સમયે શરૂ થાય છે. પ્રશ્ન એવો પણ હોઈ શકે કે વર્તમાન કેસના તથ્યોના આધારે તે અધિનિયમ સારભૂત છે કે માત્ર પ્રક્રિયાત્મક, આ ધ્યાનમાં રાખીને કે કોઈ અધિનિયમ કેટલાક તથ્યોના પ્રકાશમાં સારભૂત હોઈ શકે, પરંતુ અન્ય તથ્યો પર માત્ર પ્રક્રિયાત્મક હોય. 'સારભૂત' શબ્દનો બીજો ઉપયોગ અધિનિયમની

'કાયમી' જોગવાઈ દર્શાવવા માટે પણ થાય છે, જે માત્ર કામચલાઉ અથવા સંક્રમણકાળીન જોગવાઈઓથી વિરુદ્ધ હોય છે.

૧૨૩૮. ફરજિયાત અને નિર્દેશાત્મક કાયદાકીય જોગવાઈઓ. ફરજિયાત અને નિર્દેશાત્મક કાયદાકીય જોગવાઈઓ વચ્ચેનો ભેદ ધારાસભ્ય જોગવાઈઓની આવશ્યકતાઓને સંબંધિત છે અને જ્યાં તે આવશ્યકતાનું પાલન કરવામાં નિષ્ફળ જવાના પરિણામો કાયદામાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યા ન હોય ત્યાં આ ભેદ આંકવો પડે છે. આ આવશ્યકતા બેમાંથી કોઈ એક રીતે ઊભી થઈ શકે છે. તેનું પાલન કરવાની ફરજ સીધી રીતે કોઈ વ્યક્તિ પર મૂકવામાં આવી શકે છે; અથવા કાયદો કોઈ કૃત્ય કરવાનું અથવા કોઈ પ્રવૃત્તિ ચલાવવાનું નિયંત્રિત કરતો હોઈ શકે છે અને તે કૃત્ય કરનાર અથવા તે પ્રવૃત્તિ ચલાવનાર વ્યક્તિને નિર્ધારિત પ્રક્રિયાના ભાગરૂપે આ આવશ્યકતાનું પાલન કરવા માટે બાધ્ય કરતો હોઈ શકે છે. આ આવશ્યકતા માત્ર અનુસંકેત દ્વારા પણ લાદવામાં આવી શકે છે.

વિશિષ્ટ એવી આવશ્યકતાનું પાલન ન થવા પર કયો કાયદેસર પરિણામ ઉદ્દેશિત છે તે સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરવામાં વિધાનમંડળ નિષ્ફળ જાય ત્યારે ઉભી થતી ખામીને દૂર કરવા અદાલતોને નિયમો વિકસાવવા જરૂરી બન્યું છે. આ નિયમો એવો સિદ્ધાંત સ્થાપિત કરે છે કે સંબંધિત અધિનિયમની ભાષા પરથી નક્કી કરવું જોઈએ કે સંબંધિત આવશ્યકતા ફરજિયાત સ્વરૂપની છે કે માત્ર માર્ગદર્શક સ્વરૂપની. એ જ આવશ્યકતા તેના કેટલાક પાસાઓ બાબતે ફરજિયાત અને બાકીના બાબતે માર્ગદર્શક હોઈ શકે છે. જો આવશ્યકતાનો કોઈપણ ભંગ થતાની સાથે જ એવો અવકાશ અનિવાર્ય રીતે ઉપલબ્ધ થતો હોય કે જેમાં કોઈ

ન્યાયિક અથવા શાસકીય વિવેકાધિકારનો ઉપયોગ એવી રીતે કરી શકાય જે તે ભંગ માટે પૂરતી ભરપાઇ કરી શકે, તો અદાલત એ માનવા વધુ સજ્જ રહેશે કે કાયદેસર આવશ્યકતા માત્ર માર્ગદર્શક છે. ન્યાયિક કાર્યવાહી દરમિયાન પક્ષકારોએ લેવાના પગલાં સંબંધિત જોગવાઈઓ (આ શબ્દનો સૌથી વ્યાપક અર્થમાં ઉપયોગ કરતાં) ઘણીવાર ફરજિયાત તરીકે અર્થઘટિત કરવામાં આવે છે. પરંતુ જ્યાં કોઈ આવશ્યકતા, ભલે તે ફરજિયાત શબ્દોમાં વ્યક્ત કરાયેલ હોય, તદાપિ માત્ર પ્રક્રિયાત્મક હોય અને તે માત્ર એક પક્ષકારના હિત માટે લાદવામાં આવી હોય, ત્યાં તે પક્ષકાર આવી આવશ્યકતાનો ત્યાગ કરી શકે છે. કોઈ ખાનગી વ્યક્તિ પર કરલાદ અથવા વસૂલાત માટેની જવાબદારી ઉપજાવવા સાર્વજનિક સત્તાધિકારીએ ઔપચારિકતાઓનું પાલન કરવું આવશ્યક બનાવતી જોગવાઈઓ સામાન્ય રીતે ફરજિયાત હોવાનું ઠરાવવામાં આવી છે.

જ્યારે આવશ્યકતાઓ જાહેર ફરજના પાલન સાથે સંબંધિત હોય છે, ત્યારે તે આવશ્યકતાઓને નિર્દેશાત્મક તરીકે અર્થાવવામાં આવે છે; અને જો પરિસ્થિતિ એવી હોય કે તેમનો અવગણ કરીને કરવામાં આવેલા કૃત્યોને રદબાતલ ગણવાથી, તે ફરજ સોંપવામાં આવેલી વ્યક્તિઓ પર કોઈ નિયંત્રણ ન ધરાવતા લોકોને ગંભીર સામાન્ય અસુવિધા અથવા અન્યાય થાય, અને તે જ સમયે વિધાનમંડળના મુખ્ય હેતુને પ્રોત્સાહન પણ ન મળે. આ સિદ્ધાંત સમયમર્યાદા પછી જાહેર કાર્યોના નિર્વહણ સંબંધિત અનેક નિર્ણયો દ્વારા અને જાહેર અધિકારીઓ દ્વારા ઔપચારિક આવશ્યકતાઓનું પાલન ન કરવામાં આવ્યાના અનેક નિર્ણયો દ્વારા સ્પષ્ટ થાય છે. બીજી તરફ, ખાનગી અધિકારો પ્રદાન કરતી

જોગવાઈઓને સામાન્ય રીતે ફરજિયાત તરીકે ગણવામાં આવી છે એવો દૃષ્ટિકોણ તેટલો સહેલાઈથી સમર્થન પામતો નથી; હકીકતમાં, આ પ્રકારની જોગવાઈઓ અંગેના નિર્ણયો કોઈપણ એક દિશામાં ખરેખર સ્પષ્ટ ઝોક દર્શાવતા જણાતાં નથી.

જો આવશ્યકતા અનિવાર્ય હોવાનું નિર્ધારિત થાય, તો એવી સ્થિતિમાં કે જ્યાં તેને અમલમાં મૂકવાની ફરજ સીધી રીતે કોઈ વ્યક્તિ પર લાદવામાં આવી હોય, ત્યાં તેનું પાલન ન થવું સામાન્ય રીતે કાયદેસરની ફરજના ભંગના અપકૃત્યનું સ્વરૂપ ધારણ કરશે; જ્યારે એવી સ્થિતિમાં કે જ્યાં તે નિર્દિષ્ટ પ્રક્રિયાના ભાગરૂપે અમલમાં મૂકવાની હોય, ત્યાં તેનું પાલન ન થવાથી સામાન્ય રીતે કરવામાં આવેલ કાર્ય અમાન્ય બની જશે. જો આવશ્યકતા માત્ર નિર્દેશાત્મક હોવાનું નિર્ધારિત થાય, તો બંને પરિસ્થિતિમાં તેનું પાલન ન થવાથી સીધી કાયદેસરની અસર ઉપજશે નહીં, તેમ છતાં દોષિત વ્યક્તિ સામે ખર્ચ ફટકારવા જેવી પરોક્ષ અસરો થઈ શકે. એમ કહેવાયું છે કે અનિવાર્ય જોગવાઈઓનું ચોક્કસપણે પાલન થવું આવશ્યક છે, જ્યારે નિર્દેશાત્મક જોગવાઈઓનું તત્ત્વતઃ પાલન થયું હોય એટલું પૂરતું છે.

જ્યારે સંબંધિત સમયે આવશ્યકતાનું પાલન કરવામાં આવ્યું હોય, ત્યારે ત્યારબાદ થયેલ પરિબળોની પ્રગતિઓના કારણે કરાયેલ કાર્ય દૂષિત બનતું નથી; જો આવી પ્રગતિઓ તે સમય પહેલાં બની હોત, તો તેનો અર્થ એવો થાત કે ફરજ ભિન્ન રીતે નિભાવવી જોઈએ હતી.

૩૯. તેનાં વિરુદ્ધમાં, સામાવાળાઓ તરફથી વિદ્વાન વરિષ્ઠ વકીલ ડૉ. રાજીવ ધવન અને શ્રી શ્યામ દીવાને, અન્ય બાબતો ઉપરાંત, રજૂ કર્યું કે કાર્યવ્યવહારના નિયમોના ઉલ્લંઘન અંગે કોઈ સર્વવ્યાપક નિયમ હોઈ શકતો નથી અને દરેક મામલો તથ્યોના આધારે નક્કી થવો જોઈએ; જ્યાં કાર્યવ્યવહારના નિયમોમાં પ્રતિબંધાત્મક અથવા નકારાત્મક શબ્દો સમાયેલ હોય, ત્યાં તે જોગવાઈ ફરજિયાત હોવાનો આશય દર્શાવે છે; આવક અથવા નાણાંકીય બાબતોમાં નિયમોનું કડક પાલન આવશ્યક છે; જ્યારે માત્ર મંત્રિમંડળ જ નિર્ણય લેવા સક્ષમ હોય અથવા જ્યાં નાણાં વિભાગે પોતાની અસહમતિં વ્યક્ત કરી હોય અથવા જ્યા નાણાં વિભાગ સાથે પૂર્વ પરામર્શ કરવામાં આવ્યો ન હોય, ત્યાં વ્યક્તિગત પ્રધાનનો નિર્ણય રદ કરવામાં પાત્ર બને છે; જ્યાં કાર્યવ્યવહારના નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હોય, ત્યાં તે નિર્ણય/જાણને સરકારનો નિર્ણય કહી શકાય નહીં; અને કોઈ વ્યક્તિગત પદાધિકારી કાર્યવ્યવહારના નિયમોને તથા નિશ્ચિત બાબતોને પ્રધાનમંડળ સમક્ષ મુકવાની આવશ્યકતાને બાજુ પર મૂકી શકતો નથી. વધુમાં એવું પણ રજૂ કરવામાં આવ્યું કે વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એફ.એસ. નરીમન જેઓના આધાર પર નિર્ભરતા મૂકવામાં આવી છે તે નિર્ણયમાં બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ બનાવાયેલા કાર્યવ્યવહારના નિયમો ફરજિયાત છે કે માર્ગદર્શક, તે પ્રશ્નનો વિશેષરૂપે ઉત્તર આપવામાં આવ્યો નથી અને હકીકતમાં તે તમામ નિર્ણયો બંધારણના અનુચ્છેદ ૧૬૬(૧) અને (૨) ના પરિપ્રેક્ષ્યમાં આપવામાં આવ્યા છે અને અદાલતોએ એવું ઠરાવ્યું છે કે અભિવ્યક્તિનું સ્વરૂપ અને પ્રમાણીકરણ

માત્ર માર્ગદર્શક છે, ફરજિયાત નથી. પોતાની રજૂઆતને સમર્થન આપવા માટે, વિદ્વાન વરિષ્ઠ વકીલે નીચે દર્શાવેલા નિર્ણયોમાં કરાયેલા અવલોકનો પર આધાર મૂક્યો છે : –

૪૦. કેરળ રાજ્ય વિ. એ. લક્ષ્મીકુટ્ટી, [(૧૯૮૬) ૪ એસ.સી.સી. ૬૩૨], માં એવો ઠરાવ કરવામાં આવ્યો છે :

આથી અનિવાર્ય રીતે એ અનુસરવું જોઈએ કે ૩૦ જાન્યુઆરી, ૧૯૮૫ના રોજ મંત્રિપરીષદે લીધેલો નિર્ણય, અનુચ્છેદ ૧૬૬(૧) મુજબ રાજ્યપાલના નામે વ્યક્ત કરાયેલી અધિસૂચના જારી કરીને અમલમાં મૂકવામાં ન આવે ત્યાં સુધી, તેને રાજ્ય સરકારનો આદેશ કહેવાઈ શકતો નહોતો. તે સમય સુધી મંત્રિપરીષદનો પહેલાનો નિર્ણય માત્ર એક કામચલાઉ નિર્ણય જ હતો અને તેથી વડી અદાલત (અર્થાત્ રાજ્ય સરકાર) માટે આ મુદ્દાનો પુનર્વિચાર કરીને નવો નિર્ણય લેવું સંપૂર્ણપણે સક્ષમ હતું.

(પેરા ૪૧, પૃષ્ઠો ૬૫૯)

૪૧. સી.બી.આઈ. વિ. રવિ શંકર શ્રીવાસ્તવ, [(૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧૮૮], માં નિરીક્ષણ કરવામાં આવ્યું છે :

૧૩.....અપીલકર્તાના વિદ્વાન વકીલે યોગ્ય રીતે રજૂ કર્યું છે કે અગાઉની અધિસૂચના રદ કરતી કોઈ અધિસૂચના નથી. જે પત્ર પર સામાવાળા ૧ દ્વારા ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે અને જેને વડી અદાલતે ઉજાગર કર્યો છે, તે પત્ર

લખવાની સત્તા દર્શાવવામાં આવી નથી. તે પણ સ્થાપિત કરવામાં આવ્યું નથી કે સંબંધિત વ્યક્તિને નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી હતી. કોઈ પણ સ્થિતિમાં, તે ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬૬ ની આવશ્યકતાઓ પૂર્ણ કરતું નથી. ધારણાત્મક દૃષ્ટિએ પણ તે પત્ર અધિસૂચના નથી. તેથી, અગાઉની અધિસૂચના રદ કરતી અધિસૂચના હતી એવો નિષ્કર્ષ કાઢવામાં વડી અદાલત ન્યાયસંગત નહોતી.

(પેરા ૧૩, પૃષ્ઠો ૨૦૦)

૪૨. પંજાબ સ્ટેટ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પન. લિ. વિરુધ્ધ પી.એન.એફ.સી. કર્મચારી સંઘ, [(૨૦૦૬) ૪ એસ.સી.સી. ૩૬૭], માં આ રીતે ઠરાવવામાં આવ્યું છે :

૧૧. ઓછામાં ઓછા છ મહિના સુધી પી.એન.એફ.સી.ની તેના કામદારોના પગાર સંબંધિત જવાબદારી પૂર્ણ કરવા માટે પી.એસ.આઈ.ડી.સી.ને નાણાં એકત્ર કરવાની મંજૂરી આપતા મુખ્ય પ્રધાનના કહેવાતા આદેશ પર આધાર રાખવામાં આવ્યો હતો. અમે તા. ૨૫–૮–૨૦૦૧ની મુખ્ય પ્રધાનની નોંધનું સાવધાનીપૂર્વક અવલોકન કર્યું છે. ઉક્ત નોંધને રાજ્ય સરકારનો આદેશ કહી શકાય તેમ નથી અને તેથી તે પી.એસ.આઈ.ડી.સી. પર બાધ્યકર્તા નથી. રાજ્ય સરકારના આદેશો નિર્ધારિત રીત મુજબ જારી કરવામાં આવે છે અને તા. ૨૫–૮–૨૦૦૧ની નોંધને એવો આદેશ ગણાવી શકાય નહીં.

(પ્ર.૧૧, પૃષ્ઠ ૩૭૧)

૪૩. બિહાર રાજ્ય વિ. કૃપાલુ શંકર, [(૧૯૮૭) ૩ એસસીસી ૩૪], માં આ રીતે જણાવવામાં આવ્યું છે :

૧૫. અનુચ્છેદ ૧૬૬(૧) મુજબ રાજ્ય સરકારની તમામ કારોબારી કાર્યવાહી રાજ્યપાલના નામે કરવામાં આવી હોવાનું વ્યક્ત થવું આવશ્યક છે. આ ઉપખંડ તેવા કિસ્સાઓને લગતો છે જ્યાં કારોબારી કાર્યવાહીનું પ્રકટિકરણ ઔપચારિક આદેશ અથવા સૂચના સ્વરૂપે કરવાનું હોય છે. તે કારોબારી કાર્યવાહી કઈ રીતથી વ્યક્ત કરવી તેની પદ્ધતિ નિર્ધારિત કરે છે. તેથી વિભાગીય ફાઇલમાં અધિકારી દ્વારા કરવામાં આવેલી નોંધ આ અનુચ્છેદના ક્ષેત્રમાં આવશે નહીં અને મંત્રી દ્વારા કરવામાં આવેલી નોંધ પણ નહીં. દરેક કારોબારી નિર્ણય અનુચ્છેદ ૧૬૬(૧) મુજબ જ હોવો જરૂરી નથી, પરંતુ જ્યારે તે આદેશના સ્વરૂપમાં આવે છે ત્યારે તેને અનુચ્છેદ ૧૬૬(૧)નું પાલન કરવું આવશ્યક બને છે. અનુચ્છેદ ૧૬૬(૨)માં જણાવવામાં આવ્યું છે કે અનુચ્છેદ ૧૬૬(૧) હેઠળ બનાવવામાં આવેલા અને અમલમાં મૂકાયેલા આદેશો અને અન્ય લખિત દસ્તાવેજો નિર્ધારિત રીતથી પ્રમાણીકૃત કરવામાં આવશે. જ્યારે ઉપખંડ (૧) પ્રકટિકરણની પદ્ધતિ સાથે સંબંધિત છે, ત્યારે ઉપખંડ (૨) આદેશનું પ્રમાણીકરણ કઈ રીતથી કરવાનું તે નિર્ધારિત કરે છે અને ઉપખંડ (૩) સરકારના કાર્યના વધુ સુવિધાજનક વ્યવહાર માટે રાજ્યપાલ દ્વારા નિયમો બનાવવાની બાબત સાથે સંબંધિત છે. તેથી, આ અનુચ્છેદના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે ફાઇલમાં કરાયેલ નોંધો ત્યારે જ પક્ષકારોના અધિકારોને અસર કરનાર આદેશમાં પરિપૂર્ણ થાય છે જ્યારે તે

વિભાગના વડા સુધી પહોંચે અને રાજ્યપાલના નામે વ્યક્ત કરવામાં આવે તથા અનુચ્છેદ ૧૬૬(૨)માં નિર્ધારિત પદ્ધતિ મુજબ પ્રમાણીકૃત કરવામાં આવે.
(પેરા ૧૫, પૃષ્ઠ ૪૩)

૪૪. હરિદ્વાર સિંહ વિ. બાગુન સુમ્બ્રુઈ, [(૧૯૭૩) ૩ એસીસી ૮૮૯], માં, નિયમ ૧૦ અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ ઘડવામાં આવ્યો હતો, એવું અવલોકિત કરવામાં આવ્યું છે :

૧૬. આ કેસમાં, અમને એવું લાગે છે કે વન વિભાગના પ્રભારી મંત્રીને એવું કાર્ય કરવા માટે સત્તા આપવામાં આવી છે, જે રાજ્યની આવક તથા વ્યક્તિગત હકોને પણ સ્પર્શે છે. નિયમ ૧૦(૧) ની નકારાત્મક અથવા પ્રતિબંધાત્મક ભાષા, આ નિયમને ફરજિયાત બનાવવાનો આશય દશા વતું દૃઢ સૂચન છે. વધુમાં, નિયમ ૧૦(૨) એ સ્પષ્ટ કરે છે કે જ્યાં કોઈ પ્રસ્તાવ માટે નાણાં વિભાગ સાથે પૂર્વ પરામર્શ આવશ્યક હોય અને પરામર્શ પછી તે વિભાગ પ્રસ્તાવ સાથે સંમત ન થાય, ત્યાં પ્રસ્તાવ ઉદ્ભવિત કરનાર વિભાગ તે પ્રસ્તાવ અંગે વધુ કોઈ કાર્યવાહી કરી શકતો નથી. માત્ર મંત્રિમંડળ જ નિર્ણય લેવા સક્ષમ રહેશે. જ્યારે આપણે જોઈએ છીએ કે પરામર્શ દરમિયાન નાણાં વિભાગ દ્વારા કોઈ પ્રસ્તાવ સાથે અસહમતિ દર્શાવવામાં આવે તો તે પ્રસ્તાવ ઉદ્ભવિત કરનાર વિભાગ તેની ઉપર વધુ કાર્યવાહી કરવાની સત્તાથી વંચિત થાય છે, ત્યારે એકમાત્ર શક્ય નિષ્કર્ષ એવો છે કે સત્તાના ઉપયોગ માટે પૂર્વ પરામર્શ એક આવશ્યક પૂર્વશરત છે.
(પરા. ૧૬, પૃ. ૮૯૬)

૪૫. દત્તાત્રય મોરેશ્વર વિ. બોમ્બે રાજ્ય, [૧૯૫૨ એસ.સી.આર. ૬૧૨] માં પૃષ્ઠ ૬૨૪-૬૫ પર, દાસ, ન્યાયમુર્તિશ્રી મુજબ :

જૂની જોગવાઈઓને અનુચ્છેદ ૧૬૬ માં બે ઉપખંડોમાં વહેંચવામાં આવી છે, તેનાથી અનુચ્છેદના અર્થમાં કોઈ ફરક પડતો હોય એવું મને જણાતું નથી. અનુચ્છેદ ૧૬૬ ની આવશ્યકતાઓનું કડક પાલન કરવાથી આદેશને એવી મુક્તિ મળે છે કે તેને આ આધાર પર પડકારી શકાય નહીં કે તે રાજ્યપાલ દ્વારા કરવામાં આવેલ આદેશ નથી. તેથી, જો તે અનુચ્છેદની આવશ્યકતાઓનું પાલન કરવામાં આવ્યું ન હોય, તો તેનાથી ઉત્પન્ન થતી મુક્તિનો દાવો રાજ્ય કરી શકતું નથી. તેમ છતાં, તેનાથી આદેશ પોતે દૂષિત થતો નથી. તેથી સ્થિતિ એવી છે કે, નિવારક અટકાયત અધિનિયમ કલમ ૧૧(૧) હેઠળના અટકાયતના આદેશની પુષ્ટિ કરવા માટે કાર્યપાલક નિર્ણય, તેને આદેશ કહો અથવા કાર્યપાલક કાર્યવાહી કહો, આવશ્યક બનાવે છે, પરંતુ તે અધિનિયમ પોતે જ તે કાર્યપાલક નિર્ણયની અભિવ્યક્તિ માટે કોઈ નિશ્ચિત સ્વરૂપ નિર્ધારિત કરતું નથી. અનુચ્છેદ ૧૬૬ એ તમામ કાર્યપાલક કાર્યવાહી તેમાં નિર્ધારિત રીતે વ્યક્ત અને પ્રમાણિત કરવામાં આવે એવી દિશા આપે છે, પરંતુ તે જોગવાઈઓનું પાલન કરવામાં થયેલ ચૂકથી કાર્યપાલક કાર્યવાહી રદબાતલ બનતી નથી. તેથી, કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા માત્ર એટલું જ માંગે છે કે યોગ્ય સરકારએ કલમ ૧૧(૧) હેઠળ અટકાયતના આદેશની પુષ્ટિ કરવી કે નહીં તે અંગે નિર્ણય લેવો જરૂરી છે. એવો નિર્ણય હકીકતમાં યોગ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે તે નોંધપોથી પર પૂરતા

પ્રમાણમાં સાબિત થાય છે.

પુરાવા રજૂ કરી બતાવી શકાય કે આ કૃત્યો સરકારને આભારી છે. પરંતુ કલમ ૧૬૬(૩) પ્રમાણિતકારી નથી અને તેનું પાલન કરવું આવશ્યક છે. આ કેસમાં પણ પૃષ્ઠ ૬૩૨–૬૩૩ પર, મુખર્જિયા, ન્યાયમુર્તિશ્રીના મત મુજબ, એમ ઠરાવવામાં આવ્યું છે :

હું વિદ્વાન એટર્ની જનરલની આ બાબતે સહમત છું કે બંનેમાંથી કોઈપણ ઉપકલમની જોગવાઈઓનું પાલન ન થવાથી એવો પરિણામ આવશે કે પ્રશ્નાધીન આદેશને જે સંરક્ષણ અન્યથા મળતું હોત, જો તેની અભિવ્યક્તિ અને પ્રમાણીકરણ માટેની યોગ્ય રીત અપનાવવામાં આવી હોત, તે સંરક્ષણ તે ગુમાવશે.

૪૬. બછીત્તર સિંહ વિ. પંજાબ રાજ્ય, [૧૯૬૨ સપ્ (૩) એસસીઆર ૭૧૩] માં :

અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળના કાર્ય વ્યવહારના નિયમો અનુસાર અરજદાર વિરુદ્ધનો આદેશ મહેસૂલ મંત્રીએ કરવો આવશ્યક હતો, પરંતુ તે જ મુખ્ય મંત્રીએ કર્યો હતો. મુખ્યમંત્રીના ઉક્ત આદેશને કાર્ય વ્યવહારના અન્ય એક નિયમ દ્વારા માન્યતા અપાઈ હતી, જે તેમને કોઈપણ પ્રકરણ પોતાના સમક્ષ મંગાવવાની મંજૂરી આપતો હતો. અનુચ્છેદ ૧૬૬(૩) નિર્દેશાત્મક છે કે ફરજિયાત છે તે બાબતનો કોઈ ઉલ્લેખ નથી.

૪૭. સિક્કિમ રાજ્ય વિ. દોર્જી શેરીંગ ભુટિયા, [(૧૯૯૧) ૪ એસ.સી.સી. ૨૪૩], માં આ મુજબ અવલોકન કરવામાં આવ્યું છે :

૧૪.....બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ રાજ્યપાલ દ્વારા બનાવવામાં આવેલા કાર્યકારી નિયમો અનુસાર સરકારનું કાર્ય ચલાવવામાં આવે છે. ઉક્ત નિયમો હેઠળ સરકારનું કાર્ય મંત્રીઓ વચ્ચે વહેંચવામાં આવે છે અને વિવિધ મંત્રાલયોને નિશ્ચિત કાર્યો ફાળવવામાં આવે છે. તેથી, પ્રત્યેક મંત્રાલય કાર્યકારી નિયમો હેઠળ તેને ફાળવવામાં આવેલા કાર્યો સંબંધે આદેશો અથવા સૂચનાઓ જારી કરી શકે છે.

૪૮. ગુલાબરાવ કેશવરાવ પાટીલ વિ./પ્ર. ગુજરાત રાજ્ય, [(૧૯૯૬) ૨ એસ.સી.સી. ૨૬], માં એવું ઠરાવવામાં આવ્યું છે :

"૧૪....આથી, આ સ્પષ્ટ થાય છે કે કાર્ય વ્યવહાર નિયમો હેઠળ મંત્રી દ્વારા લેવાયેલ નિર્ણય, બંધારણના અનુચ્છેદ ૧૬૬ની ઉપકલમો (૧) અને (૨) મુજબની આવશ્યકતાઓનું પાલન ન થાય ત્યાં સુધી, અંતિમ અથવા નિશ્ચિત ગણાતો નથી. કાર્ય વ્યવહાર નિયમો હેઠળ નિર્ધારિત રીતે રાજ્યપાલના નામે કાર્યવાહી અથવા નિર્ણય વ્યક્ત કરવામાં આવે અને સંબંધિત પક્ષને તેની જાણ કરવામાં આવે તે પહેલાં, આવશ્યક નિહિત અર્થથી, મુખ્યમંત્રી માટે હંમેશા ખુલ્લું રહે છે કે તે ફાઇલ મંગાવી તેને પોતે તપાસે અને નિર્ણય લે, ભલે તે વિષય સરકારના કાર્યના સુવિધાજનક વ્યવહાર માટે કોઈ વિશિષ્ટ મંત્રીને ફાળવવામાં આવ્યો હોય. વિષય ભલે મંત્રીને વિશિષ્ટ રીતે ફાળવવામાં આવ્યો હોય, તેમ

છતાં રાજ્યપાલ પ્રત્યે મુખ્યમંત્રીની જવાબદારી અને પ્રજાપ્રત્યેની જવાબદેહીના કારણસર, મંત્રી દ્વારા લેવાયેલા નિર્ણય સંબંધિત ફાઇલ મંગાવવાની નિહિત સત્તા મુખ્યમંત્રીને હોય છે. વિષય મંત્રીને ફાળવવાનો હેતુ નિયુક્ત અધિકારીઓ મારફતે વિવિધ સ્તરો પર સરકારના કાર્યનો સુવિધાજનક વ્યવહાર સુનિશ્ચિત કરવાનો છે." (પ્ર. ૧૪, પૃ.૩૫)

૪૯. ડૉ. રાજીવ ધવન, વિદ્વાન વરિષ્ઠ વકીલ, નિષ્પક્ષપણે રજૂ કરે છે કે, ભલે અનુચ્છેદ ૧૬૬(૩) ને નિર્દેશાત્મક માનવામાં આવે, તો પણ તેની સારભૂત પાલના આવશ્યક રહેશે. આ દલીલના સમર્થનમાં, વિદ્વાન વરિષ્ઠ વકીલ આ સર્વોચ્ચ અદાલતના નીચેના નિર્ણયો પર આધાર રાખે છે : બન્નારી અમ્મન શુગર્સ લિ. વિ. કમર્શિયલ ટેક્સ ઓફિસ (૨૦૦૫) ૧ એસ.સી.સી. ૬૨૫. આર. ચિત્રલેખા વિ. મૈસૂર રાજ્ય (૧૯૬૪) ૬ એસ.સી.આર. ૩૬૮ ઉત્તર પ્રદેશ રાજ્ય વિ. ઓમ પ્રકાશ ગુપ્તા (૧૯૬૯) ૩ એસ.સી.સી. ૭૭૫ દત્તાત્રય મોરેશ્વર વિ. બોમ્બે રાજ્ય ૧૯૫૨ એસ.સી.આર. ૬૧૨

૫૦. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એફ.એસ. નરીમન દ્વારા રજૂ કરાયેલા દલીલોનો સાર એ છે કે, સંવિધાનના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ ઘડાયેલા કાર્યસંચાલનના નિયમો માત્ર માર્ગદર્શક સ્વરૂપના છે અને કલ્પનાની કોઈપણ હદે તેમને ફરજિયાત ગણાવી શકાય નહીં અને, તેથી, કાર્યસંચાલનના નિયમોના પાલનનો અભાવ ગેરકાયદેસર અથવા આરંભથી જ શૂન્ય જાહેર કરી શકાય નહીં. બોમ્બે

વડી અદાલતના ચુકાદાને યોગ્ય ઠેરવવા માટે, વિદ્વાન વરિષ્ઠ વકીલ ડૉ. રાજીવ ધવનનો અભિપ્રાય એ છે કે ગોવા સરકાર દ્વારા ઘડાયેલા કાર્યસંચાલનના નિયમોની ઓછામાં ઓછી કેટલીક જોગવાઈઓ ફરજિયાત સ્વરૂપની છે અને તેમનું પાલન ન થવાથી પરિપત્રો/આદેશો/જાહેરનામાઓ વગેરે દૂષિત થઈ જશે.

૫૧. વિદ્વાન વરિષ્ઠ વકીલશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પરસ્પર વિરોધી દલીલોની મૂલવણી કરવા માટે, ભારતના બંધારણની કલમ ૧૬૬ ઉદ્ધૃત કરવી યોગ્ય રહેશે અને તે નીચે મુજબ છે:

"રાજ્ય સરકારના કારોબારનું સંચાલન સંબંધિત અનુચ્છેદ ૧૬૬ –

(૧) રાજ્ય સરકારની તમામ કાર્યપાલક કાર્યવાહી રાજ્યપાલના નામે કરવામાં આવી હોવાનું અભિવ્યક્ત કરવામાં આવશે.

(૨) રાજ્યપાલના નામે કરવામાં આવેલા અને અમલમાં મુકાયેલા આદેશો તથા અન્ય લખતોનું પ્રમાણીકરણ રાજ્યપાલ દ્વારા બનાવાનાર નિયમોમાં નિર્ધારિત કરાયેલ રીતથી કરવામાં આવશે, અને આ રીતે પ્રમાણિત કરાયેલા કોઈ આદેશ અથવા લખતની માન્યતા એ આધાર પર પ્રશ્નાસ્પદ ગણાશે નહીં કે તે રાજ્યપાલ દ્વારા કરવામાં આવેલો અથવા અમલમાં મુકાયેલો આદેશ અથવા લખત નથી.

(૩) રાજ્યપાલ રાજ્ય સરકારના કારોબારના વધુ સુવિધાજનક વ્યવહાર માટે, અને ઉક્ત કારોબાર મંત્રીઓ વચ્ચે વહેંચણી કરવા માટે, એવા પ્રમાણમાં નિયમો બનાવશે કે જે કારોબાર અંગે આ સંવિધાન દ્વારા અથવા તેના હેઠળ રાજ્યપાલે પોતાના વિવેકાધિકારે કાર્ય કરવાનું નક્કી કરાયેલું ન હોય."

૫૨. બંધારણના અનુચ્છેદ ૧૬૬ ની ઉપકલમ (૧) મુજબ, જ્યારે પણ કાર્યપાલક કાર્યવાહી આદેશ અથવા લેખતંત્રના સ્વરૂપે કરવામાં આવવાની હોય, ત્યારે તે રાજ્યની કાર્યપાલક સત્તા જેમાં નિહિત છે તેવા રાજ્યપાલના નામે કરવામાં આવે છે એમ વ્યક્ત થવું જોઈએ. ઉપકલમ (૨) મુજબ, રાજ્યપાલના નામે બનાવવામાં આવેલ અને અમલમાં મૂકવામાં આવેલ આદેશો અને લેખતંત્રોનું નિયમોમાં નિર્ધારિત રીત પ્રમાણે પ્રમાણીકરણ થવું જોઈએ. બંધારણના અનુચ્છેદ ૧૬૬ ની ઉપકલમ (૩) હેઠળ, રાજ્યપાલને રાજ્ય સરકારના કારોબારના વધુ સુવિધાજનક વ્યવહાર માટે અને સરકારના કારોબારનું તેના મંત્રીઓ વચ્ચે વહેંચણી કરવા માટે નિયમો બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. રાજ્યપાલે પોતાની વિવેકબુદ્ધિથી કાર્ય કરવાનું જરૂરી હોય તેવા વિષયો સિવાયના તમામ વિષયો મુખ્યમંત્રીની સલાહ પર કોઈ એક અથવા બીજા મંત્રીને ફાળવવાના હોય છે. મંત્રીઓ વચ્ચે કારોબારની ફાળવણી કરવા ઉપરાંત, રાજ્યપાલ મંત્રિસભાની સલાહ પર કારોબારના વધુ સુવિધાજનક વ્યવહાર માટે પણ નિયમો બનાવી શકે છે.

૫૩. વર્તમાન કેસમાં, અમે આ મુદ્દા અંગે અપીલકર્તાઓના તર્કોનું પરીક્ષણ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ ગોવાના રાજ્યપાલ દ્વારા બનાવવામાં આવેલા કાર્ય વ્યવહાર નિયમોના સંદર્ભમાં કરવાનું છે. ગોવા સરકારના કાર્ય વ્યવહાર નિયમોના નિયમ ૭(૨) મુજબ, જે કોઈ પ્રસ્તાવ માટે

ઉક્ત નિયમ હેઠળ નાણાં વિભાગની પૂર્વ સંમતિ આવશ્યક હોય, પરંતુ જેમાં નાણાં વિભાગે સંમતિ આપી ન હોય, તેવા પ્રસ્તાવ પર મંત્રિમંડળે તે બાબતે નિર્ણય લીધો ન હોય ત્યાં સુધી આગળ કાર્યવાહી કરી શકાશે નહીં. આ નિયમના શબ્દપ્રયોગ મહારાષ્ટ્રના કાર્ય વ્યવહાર નિયમોના નિયમ ૯ની જોગવાઈઓથી ભિન્ન છે અને તેને ગોવા સરકારના કાર્ય વ્યવહાર નિયમોના નિયમ ૩ની જોગવાઈઓના સંદર્ભમાં વાંચવાનું રહે છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે સરકારનો કારભાર કાર્ય વ્યવહાર નિયમો અનુસાર ચલાવવામાં આવશે. તેના નિયમ ૭(૨) હેઠળ, નાણાં વિભાગની સંમતિ પૂર્વશરત છે. તેવી જ રીતે, કાર્ય વ્યવહાર નિયમોના નિયમ ૬માં જણાવવામાં આવ્યું છે કે રાજ્યપાલના નામે કોઈ વિભાગ દ્વારા પસાર કરાયેલા તમામ કાર્યપાલક આદેશો માટે અથવા નિયમો અનુસાર રાજ્યપાલ અથવા તેના અધીન અન્ય કોઈ અધિકારીને સોંપવામાં આવેલી સત્તાના અમલમાં કરવામાં આવેલા કરારો માટે મંત્રિમંડળ સામૂહિક રીતે જવાબદાર રહેશે, ભલે આવા આદેશો અથવા કરારો સંબંધિત વિભાગના પ્રભારી વ્યક્તિગત મંત્રી દ્વારા તેના ચાર્જ હેઠળના વિષયમાં અધિકૃત કરવામાં આવ્યા હોય, અથવા મંત્રિમંડળની બેઠકમાં થયેલી ચર્ચાના પરિણામે થયા હોય, અથવા અન્યથા થયા હોય. આ નિયમ એ આવશ્યક બનાવે છે કે રાજ્યના રાજ્યપાલના નામે કોઈપણ વિભાગમાંથી જારી થતો કાર્યપાલક આદેશ મંત્રિમંડળની જાણમાં હોવો જોઈએ જેથી મંત્રિમંડળની સામૂહિક જવાબદારી પૂર્ણ થઈ શકે. વધુમાં, કાર્ય વ્યવહાર નિયમોના નિયમ ૭માં આવશ્યક બનાવવામાં આવ્યું છે કે નાણાં વિભાગની સંમતિ વિના કોઈ વિભાગ એવો કોઈ આદેશ જારી નહીં કરે, જેનાથી

આવકનો કોઈ ત્યાગ થતો હોય અથવા વિનિયોગ અધિનિયમમાં જોગવાઈ ન કરવામાં આવેલ એવો ખર્ચ સંકળાતો હોય, અથવા જમીનનું કોઈ અનુદાન અથવા આવકનું હસ્તાંતરણ અથવા ખનિજ અથવા વન હક્કો અથવા પાણી, વીજશક્તિ અથવા કોઈ સુખાધિકાર અથવા વિશેષાધિકાર અંગે કોઈ રાહત, અનુદાન, ભાડે આપવું અથવા પરવાનો સંકળાતો હોય, અથવા અન્યથા ખર્ચ સંકળાતો હોય કે ન હોય છતાં નાણાકીય અસર ઊભી થતી હોય. ગોવા સરકારના કાર્ય વ્યવહાર નિયમોના નિયમો ૭, ૩ અને ૬ની જોગવાઈઓને એકત્રિત રીતે વાંચતા અનિવાર્ય નિષ્કર્ષ એ નીકળે છે કે કોઈપણ એવો પ્રસ્તાવ, જે ખર્ચ સંકળાવતો હોય અથવા વિનિયોગ અધિનિયમમાં જેના માટે જોગવાઈ ન કરવામાં આવી હોય તેવી આવકના ત્યાગને સંકળાવતો હોય, અથવા રાહતનો પ્રશ્ન સંકળાવતો હોય, અથવા અન્યથા રાજ્ય પર નાણાકીય અસર કરતો હોય અને જે રાજ્ય સરકારના નિર્ણયમાં પરિવર્તિત થવાનો સંભાવિત હોય, તે નાણાં વિભાગની સંમતિ બાદ જ પ્રક્રિયામાં મૂકી શકાય અને તે માત્ર પ્રભારી મંત્રીના સ્તરે અંતિમરૂપ આપી શકાય નહીં. પ્રક્રિયા અથવા કાર્યવાહી અહીં અટકતી નથી. નાણાં વિભાગની સંમતિ પછી, પ્રસ્તાવ મંત્રિમંડળ સમક્ષ અને/અથવા મુખ્યમંત્રી સમક્ષ મૂકવાનો રહે છે અને આ બાબતે નિર્ણય લેવાયા પછી જ તે રાજ્ય સરકારના નિર્ણયમાં પરિણમે છે. તેથી, અહીં વડી અદાલતે વડી અદાલતની પૂર્ણ પીઠના ચુકાદા પર આધારિત અપીલકર્તાઓના તર્કોને યોગ્ય રીતે નામંજૂર કર્યા છે. વડી અદાલતે અવલોકન કર્યું છે કે કાર્ય વ્યવહારના નિયમો એવી રીતે બનાવવામાં આવ્યા છે કે સંવિધાનના અનુચ્છેદો ૧૫૪, ૧૬૩ અને

૧૬૬ની જોગવાઈઓનો હુકમ પૂર્ણ થાય. તેથી, જો એવું માનવામાં આવે કે આ નિયમોના પાલનનો અભાવ માત્ર સંબંધિત વ્યક્તિગત મંત્રી દ્વારા લેવાયેલા નિર્ણયોનો દોષકારક ન બને, તો તેનું પરિણામ વિનાશક થશે. લોકશાહી વ્યવસ્થામાં રાજ્ય સરકારનો નિર્ણય મંત્રિમંડળની સામૂહિક પ્રજ્ઞાને, અથવા ઓછામાં ઓછું મંત્રિમંડળના વડા એવા મુખ્યમંત્રીની પ્રજ્ઞાને પ્રતિબિંબિત કરતો હોવો જોઈએ. માત્ર મંત્રી દ્વારા લેવાયેલા નિર્ણયો પર અધિસૂચના જારી કરીને અમલ કરવામાં આવ્યો હતો, એ હકીકત માત્રથી તેઓ રાજ્ય સરકારના નિર્ણયો બની જતા નથી, ભલે રાજ્ય સરકારે પૂરતા સમય સુધી મૌન ધારણ કર્યું હોય અથવા રાજ્ય સરકારના સંબંધિત સચિવે કાર્ય વ્યવહાર નિયમોના નિયમ ૪૬ હેઠળ કોઈ કાર્યવાહી ન કરી હોય. જો નિયમોના ભંગમાં કોઈ વ્યક્તિગત મંત્રી દ્વારા લેવાયેલા દરેક નિર્ણયને સંવિધાનના અનુચ્છેદ ૧૫૪ના અર્થમાં રાજ્ય સરકારનો નિર્ણય માનવામાં આવે, તો પરિણામ અવ્યવસ્થાજનક થશે. મુખ્યમંત્રી માત્ર નામમાત્રના વડા બની રહેશે અને દરેક મંત્રી કાર્ય વ્યવહાર નિયમોને બાજુએ રાખીને પોતાની રીતે કાર્ય કરવા માટે મુક્ત થઈ જશે. વધુમાં, તે મુખ્યમંત્રી માટે અનુચ્છેદ ૧૬૩ હેઠળ રાજ્યપાલને સલાહ આપવાની સંવિધાનિક જવાબદારીનું નિર્વહન કરવું અશક્ય બનાવી દેશે. તેથી, કાર્ય વ્યવહાર નિયમો માત્ર માર્ગદર્શક સ્વરૂપના છે એવો અપીલકર્તાઓનો તર્ક સ્વીકારવો મુશ્કેલ છે.

૫૪. અમે વડી અદાલતના આ મતને પણ સ્વીકારીએ છીએ અને યથાવત્ રાખીએ છીએ કે વ્યવસાય નિયમો ૩, ૬, ૭ અને ૯ ફરજિયાત છે,

દિશાનિર્દેશાત્મક નથી, અને તેમના ઉલ્લંઘનમાં કોઈ એકલ મંત્રી દ્વારા લેવાયેલો કોઈપણ નિર્ણય રાજ્ય સરકારનો નિર્ણય ગણાવી શકાય નહીં.

૫૫. આ અદાલતના અનેક નિર્ણયોથી અમારા આ મતને બળ મળે છે. કે.કે. ભલ્લા વિ. મધ્ય પ્રદેશ રાજ્ય, [૨૦૦૬ (૩) એસ.સી.સી. ૫૮૧], માં હકીકતો એવી હતી કે જબલપુર ડેવલપમેન્ટ ઓથોરિટી (જે.ડી.એ.) હેઠળ મધ્ય પ્રદેશ રાજ્યએ વ્યાવસાયિક ઉપયોગ માટે નિર્ધારિત જમીનમાંથી કોઈ વ્યક્તિને અખબારના છાપખાનું સ્થાપવા માટે રિયાયતી દરે કેટલીક જમીન ફાળવી હતી. અદાલતે આ રીતે ઠરાવ્યું હતું :

રાજ્ય દ્વારા અખબારી ઉદ્યોગોને અથવા અન્ય સંસ્થાઓને જમીન ફાળવણી બાબતે સ્વીકારવામાં આવેલ કથિત નીતિગત નિર્ણય, યોગ્ય મંત્રાલય દ્વારા લેવાયેલ નિર્ણય નહોતો. જો રાજ્ય દ્વારા જે.ડી.એ.ને કોઈ નિર્દેશ આપવામાં આવવાનો હતો, તો ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬૬ હેઠળ રચાયેલ કાર્યકારી વ્યવસાયના નિયમોના અનુસંધાનમાં મંત્રીમંડળ દ્વારા, સંબંધિત મંત્રી દ્વારા અથવા તે બાબતમાં સત્તાધિકૃત પ્રાધિકાર દ્વારા, યોગ્ય રીતે મનન–વિચાર કરીને તે કરવું આવશ્યક હતું. એવો નિર્દેશ માત્ર મુખ્યમંત્રીના કહેવા પર અથવા કોઈ અન્ય અધિકારીના કહેવા પર જારી કરી શકાય તેમ નહોતો, જો સુધી એવું દર્શાવવામાં ન આવે કે રાજ્યના કાર્યકારી વ્યવસાયના નિયમોના અનુસંધાનમાં તેઓને તેવી સત્તા હતી. અમને એવું દર્શાવવામાં આવ્યું નથી કે આ બાબતમાં નિર્ણય લેવા માટે મુખ્યમંત્રી યોગ્ય સત્તાધિકારી હતા.

(ભાર મૂકવામાં આવ્યો છે)

૫૬. સ્ટેટઓફ યુ.પી.ઓફ યુ.પી. વિ. નીરજ અવસ્થિ, [૨૦૦૬ (૧) એસ.સી.સી. ૬૬૭] માં, આ અદાલતે ઠરાવ્યું હતું કે રાજ્ય સરકારની સત્તા નીતિના પ્રશ્ન અંગે રાજ્ય કૃષિ ઉત્પાદન બજાર બોર્ડને દિશાનિર્દેશો આપવાની મર્યાદા સુધી સીમિત હતી અને આ મુજબ નિરીક્ષણ કર્યું હતું :

રાજ્ય સરકારની તરફથી આવો નિર્ણય બંધારણીય યોજનાના અનુસંધાને, અર્થાત્ ભારતના બંધારણની કલમ ૧૬૨ ને કલમ ૧૬૬ સાથે વાંચીને નિર્ધારિત આવશ્યકતાઓનું પાલન કરીને જ લેવો આવશ્યક છે. હાલના પ્રકરણમાં, આદેશો રાજ્યના એક અધિકારી દ્બારા જારી કરવામાં આવ્યા હોવાનું દર્શાવાયું હતું. આવા આદેશો ભારતના બંધારણની કલમ ૧૬૬ હેઠળ બનાવવામાં આવેલા રાજ્યના કાર્યકારી કાર્યના નિયમોના અનુસંધાને સક્ષમ સત્તાધિકારીએ લીધેલા કોઈ નિર્ણયના અનુસરણમાં જારી કરવામાં આવ્યા હતા એવું દર્શાવવામાં આવ્યું નહોતું. .... તેથી અમારો મત છે કે રાજ્ય દ્બારા આપવામાં આવેલો આદેશ કાયદા મુજબ કડક રીતે સુસંગત નહોતો.

૫૭. ગુલાબરાવ કેશવરાવ પાટીલ (ઉપરોક્ત) માં, આ અદાલતે એવો નિર્ધાર કર્યો હતો કે કલમ ૧૬૬ના પાલનના અભાવને ધ્યાનમાં રાખીને મંત્રીનો નિર્ણય સરકારનો આદેશ ગણાતો નથી.

૫૮. ચિત્રલેખા બાબતે બંધારણ પીઠનો નિર્ણય ખોટી રીતે અર્થઘટિત કરવામાં આવ્યો છે. તે મામલામાં, આ અદાલત કલમ ૧૬૬(૧) અને (૨) ની જોગવાઈઓ અનુસાર રાજ્યપાલના નામે વ્યક્ત ન કરાયેલા આદેશ સંબંધિત વિવાદ પર વિચારણા કરી રહી હતી. તે સંદર્ભમાં, આ અદાલતે અવલોકન કર્યું હતું કે બંધારણની કલમ ૧૬૬ ની જોગવાઈઓ માત્ર માર્ગદર્શક સ્વરૂપની છે અને અનિવાર્ય સ્વરૂપની નથી, એવો કાયદો સ્થિર થયેલો છે. સંદર્ભ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે બંધારણની કલમ ૧૬૬ ની જોગવાઈઓ માત્ર માર્ગદર્શક છે અને અનિવાર્ય નથી, એવું જે અવલોકન કરવામાં આવ્યું હતું, તે માત્ર કલમ ૧૬૬ ની ઉપકલમો (૧) અને (૨) ને જ સંદર્ભિત કરતું હતું અને ઉપકલમ (૩) ને સંદર્ભિત કરતું નહોતું, કારણ કે તે તો વિચારાધીન જ નહોતું. તેથી, ચિત્રલેખા પર એ દલીલના સમર્થન માટે આધાર રાખી શકાય નહીં કે કલમ ૧૬૬ ની ઉપકલમ (૩) હેઠળ બનાવાયેલા કાર્યસંચાલન નિયમો માત્ર માર્ગદર્શક છે. અગાઉ અમે માનનીય વરિષ્ઠ વકીલ શ્રી એફ.એસ. નરીમન દ્વારા આધારરૂપ રાખવામાં આવેલા તમામ નિર્ણયોનો ઉલ્લેખ કર્યો છે. અમારી દૃષ્ટિએ, તે નિર્ણયો અપીલકર્તાને સહાયરૂપ થવાના નથી, કારણ કે તે બધા બંધારણની કલમ ૧૬૬(૧) અને (૨) ના અર્થઘટનના સંદર્ભમાં જ આપવામાં આવ્યા હતા.

૫૯. અમારી સમક્ષ લાવવામાં આવેલ પ્રશ્નના નિરાકરણ માટે વ્યવસાય નિયમોમાંથી કેટલાક નિયમોની વધુ વિચારણા કરવી યોગ્ય છે. જોકે આક્ષેપિત ચુકાદામાં વડી અદાલતે વિવિધ નિયમોનો ઉલ્લેખ કર્યો છે, તેમ છતાં અમારા હેતુ

માટે સંબંધિત હોય તેવા નિયમોનો જ ઉલ્લેખ કરવો જરૂરી ગણીએ છીએ. વ્યવસાય નિયમના નિયમ ૧૦ અનુસાર અનુસૂચીમાં ઉલ્લેખિત તમામ કેસો સંબંધિત પ્રભારી મંત્રી દ્વારા વિચારણા કર્યા પછી મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવાના રહે છે, જેથી કેસ પર પરિભ્રમણ માટે મુખ્યમંત્રીના આદેશ મેળવવામાં આવે અથવા તેને મંત્રિમંડળની બેઠકમાં વિચારણા માટે મૂકવામાં આવે. નિયમ ૧૩ અનુસાર, જ્યારે કેસ મંત્રિમંડળ સમક્ષ મુકવાનો નિર્ણય લેવાય, ત્યારે સંબંધિત વિભાગે, મુખ્યમંત્રી દ્વારા અન્યથા સૂચના આપવામાં આવી ન હોય તો, કેસના મુખ્ય તથ્યો અને નિર્ણય માટેના મુદ્દાઓ ચોક્કસ રીતે દર્શાવતું એક સ્મરણપત્ર તૈયાર કરવું અને તેની નકલો સચિવ દ્વારા મંત્રિમંડળના સભ્યોમાં પરિભ્રમિત કરાવવી. નિયમ ૧૪ અનુસાર, જ્યાં કેસ એકથી વધુ વિભાગોને આવરી લેતો હોય અથવા સંબંધિત હોય, ત્યાં મંત્રીએ પૂર્વ ચર્ચા દ્વારા સહમતી પર પહોંચવાનું રહે છે અને જો આવી સહમતી પ્રાપ્ત થાય તો ઉપરોક્ત નિયમ ૧૩માં દર્શાવેલ સ્મરણપત્રમાં મંત્રીઓની સંયુક્ત ભલામણો સમાવવાની રહે છે, અને જો સહમતી પ્રાપ્ત ન થાય તો મતભેદના મુદ્દાઓ તથા દરેક મંત્રીના મત સ્મરણપત્રમાં દર્શાવવાના રહે છે. નિયમોની અનુસૂચિમાં મુદ્દા નં. ૫, ૯ અને ૩૦ એવા પ્રસ્તાવો સાથે સંબંધિત છે, જેઓ રાજ્યની નાણાકીય સ્થિતિ પર અસરકારક હોય અને જેમને નાણાં મંત્રીની અનુમતિ અથવા સંમતિ પ્રાપ્ત ન હોય; નીતિ અને પ્રથા મહત્વપૂર્ણ ફેરફાર સૂચવનારા પ્રસ્તાવો; તેમજ મંત્રિમંડળ દ્વારા અગાઉ લેવાયેલા નિર્ણયમાં ફેરફાર કરવા અથવા તેને પલટવાનો હેતુ ધરાવતા પ્રસ્તાવો. નિયમ ૧૬ હેઠળ દરેક કેસમાં મંત્રિમંડળના નિર્ણયોનો નોંધપાત્ર દાખલો રાખવો

અને મુખ્યમંત્રીની મંજૂરી પછી તે કેસના દસ્તાવેજો સાથે મૂકવો જરૂરી છે. નિર્ણયના અંશો વિભાગના સચિવને મોકલવાના રહે છે, જેથી તે તેના અનુસંધાને જરૂરી કાર્યવાહી કરી શકે. નિયમ ૧૭ વિભાગના પ્રભારી મંત્રીને સ્થાયી આદેશોના આધારે, પોતાના વિભાગના કેસોના નિકાલ માટે યોગ્ય ગણાય તેવી દિશાઓ આપવાનો અધિકાર આપે છે અને સાથે સાથે સંબંધિત વિભાગના સચિવને એ પણ ફરજ પાડે છે કે મંત્રી દ્વારા નિકાલ કરાયેલા કોઈ મહત્વપૂર્ણ કેસોની વિગતો દર્શાવતું નિવેદન સમકાલીન રીતે મુખ્યમંત્રી અને રાજ્યપાલ સમક્ષ રજૂ કરે. નિયમ ૨૦માં જોગવાઈ છે કે જ્યારે કોઈ વિષય એકથી વધુ વિભાગોને આવરી લેતો હોય અથવા સંબંધિત હોય, ત્યારે, અતિઆપાતકાલીન સ્થિતિનો કેસ ન હોય ત્યાં સુધી, સંબંધિત તમામ વિભાગો દ્વારા તે કેસ પર વિચારણા ન થાય ત્યાં સુધી કોઈ આદેશ બહાર પાડવો નહીં અથવા કેસને મંત્રિમંડળ સમક્ષ મુકવો નહીં. હાલના મામલામાં, આક્ષેપિત નિર્ણયો માત્ર વીજ વિભાગને જ નહીં પરંતુ ઉદ્યોગ અને નાણાં વિભાગોને પણ આવરી લેતા અને સંબંધિત છે, અને નિયમ ૨૦ની જોગવાઈઓને ધ્યાનમાં લેતા, મુખ્યમંત્રી અથવા મંત્રિમંડળ સમક્ષ પ્રસ્તાવ મૂક્યા વિના પોતાના સ્તરે જ સૂચનાઓને અંતિમ સ્વરૂપ આપવાના નિર્ણયો વીજ મંત્રીના કાર્યક્ષેત્રની બહાર હતા.

૬૦. રાજ્ય સરકારે વીજળી અધિનિયમની કલમ ૨૩ સાથે કલમ ૫૧–એ વાંચીને તેને પ્રદાન કરવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં, તા. ૨૯/૦૬/૧૯૯૩ની અધિસૂચના જારી કરી, જે તા. ૩૦.૦૬.૧૯૯૩ના

સત્તાવાર રાજપત્રમાં પ્રકાશિત કરવામાં આવી હતી, અને તે અધિસૂચનાને અનુસૂચિરૂપે જોડાયેલ પરિશિષ્ટમાં નિર્દિષ્ટ મુજબ રાજ્ય માટે સુધારેલ વીજ દરપત્રક ઘડ્યું હતું. બીજી એક તા. ૦૬/૧૨/૧૯૯૩ની અધિસૂચના દ્વારા, રાજ્ય સરકારે પ્રથમવાર નવી અને અલગ શ્રેણી, એટલે કે, અતિ ઉચ્ચ દબાણ પુરવઠા ગ્રાહકો, રચી અને તેને તા. ૨૯/૦૬/૧૯૯૩ની અધિસૂચના હેઠળ ઘડાયેલા સુધારેલ દરપત્રકમાં નં. ૧૦ તરીકે સમાવેશ કર્યો. તા. ૦૬/૧૨/૧૯૯૩ની અધિસૂચનાના અનુસંધાને, વિદ્યુત વિભાગે એવો અભિપ્રાય લીધો કે તા. ૩૦/૦૯/૧૯૯૧ની અધિસૂચનામાં માત્ર નીચા દબાણ અને ઊંચા દબાણના વીજ ગ્રાહકો આવરી લેવાયા હતા, અતિં ઉચ્ચ દબાણના ગ્રાહકો નહી ; અને અતિ ઉચ્ચ દબાણના ગ્રાહકોના દાવાઓ ઓક્ટોબર ૧૯૯૫માં પસાર કરાયેલા વિશિષ્ટ આદેશો દ્વારા નામંજૂર કરવામાં આવ્યા હતા, અર્થાત્ તા. ૩૧/૦૩/૧૯૯૫ની તે અધિસૂચના, જેણે તા. ૩૦/૦૯/૧૯૯૧ની અધિસૂચનાને રદ કરી હતી, તે બાદ; અને એકમો દ્વારા તે આદેશોને પડકારવામાં ન આવતાં તેમના દાવાઓ નામંજૂર કરનાર આદેશો અંતિમ બની ગયા હતા. તેથી, રાજ્ય સરકારે તા. ૦૧/૧૦/૧૯૯૧થી તા. ૩૧/૦૩/૧૯૯૫ દરમિયાનના ગાળામાં એકમોને ૨૫% રાહત મંજૂર કરવા માટેના તેમના દાવાઓની પ્રક્રિયા કરવા અમુક સ્પષ્ટીકરણો જારી કરવાની જરૂરિયાત અનુભવી. રાજ્યખાતે ઉપર વધારાનો આર્થિક ભાર આવતો હોય તેવા આવા સ્પષ્ટીકરણો જારી કરતી વખતે, સરકારે વ્યવહાર નિયમોની આવશ્યકતાઓ અનુસાર તે દાવાઓની પ્રક્રિયા કરવી આવશ્યક હતી. જ્યારે તા.

૩૧/૦૩/૧૯૯૫ની રદકરણ અધિસૂચના જારી કરવામાં આવી ત્યારે ૨૫% રાહત માત્ર નીચા દબાણ અને ઊંચા દબાણના ગ્રાહકોને જ ઉપલબ્ધ હતી, અને અતિ ઉચ્ચ દબાણના ગ્રાહકોનો સમાવેશ તા. ૦૬/૧૨/૧૯૯૩ની અધિસૂચના અનુસંધાને કાઢી નાખવામાં આવ્યો હતો. તેથી, રાહત મંજૂર કરવા માટે ગ્રાહકોની નવી શ્રેણીનો સમાવેશ કરવાનો એવો નિર્ણય, જે અનિવાર્ય રીતે રાજ્યની નાણાકીય સ્થિતિ ઉપર વધારાનો ભાર મૂક્તો હતો, વિશેષ કરીને ભૂતલક્ષી અસરથી નવી શ્રેણી રચવાથી, નાણાં વિભાગ અને ઉદ્યોગ વિભાગની પૂર્વસંમતિ મેળવવા ઉપરાંત મંત્રીપરિષદ અથવા મુખ્યમંત્રી સમક્ષ મૂક્યા પછી જ અંતિમરૂપ આપવામાં આવવો આવશ્યક હતો. અહીંના અપીલકર્તાઓએ જે તા. ૧૫/૦૫/૧૯૯૬ની અધિસૂચનાને માત્ર સ્પષ્ટીકરણાત્મક હોવાનું દલીલ કર્યું હતું, તેણે ભૂતલક્ષી અસરથી રાહત માટે ગ્રાહકોનો નવો વર્ગ રજૂ કરીને રાજ્યખાતે ઉપર વધારાનો ભાર મૂક્યો હતો અને તેને વીજમંત્રી દ્વારા પોતાના સ્તરે અંતિમરૂપ આપવામાં આવ્યું હતું. કાનૂની દ્રષ્ટિએ, તા. ૧૫/૦૫/૧૯૯૬ની અધિસૂચના તરફ દોરી જનાર નિર્ણયનો પ્રસ્તાવ મંત્રીપરિષદ અથવા મુખ્યમંત્રી સમક્ષ મૂકવામાં આવવો જોઈએ હતો, અને કારણ કે એવું કરવામાં આવ્યું નથી, તે વ્યવહાર નિયમોનું ઉલ્લંઘન કરે છે અને તેથી તે નિર્ણય અસ્તિત્વહીન છે. દલીલાર્થે જો માન્ય માનવામાં આવે કે તા. ૧૫/૦૫/૧૯૯૬ની અધિસૂચના સ્વભાવથી સ્પષ્ટીકરણાત્મક હતી, તો પણ તે વ્યવહાર નિયમોના નિયમ ૧૯નું ઉલ્લંઘન કરે છે અને વડી અદાલતે નોંધ્યું છે તેમ, તા. ૧૫/૦૫/૧૯૯૬ની અધિસૂચના જારી થાય તે પહેલાં વીજમંત્રી દ્વારા લેવાયેલા નિર્ણયની અનુમોદન

મેળવવાનો સંબંધિત વિભાગે પ્રયાસ કર્યો હતો એવું દર્શાવતું કશું જ અભિલેખ પર ઉપલબ્ધ નથી.

૬૧. આ તબક્કે, અપીલકર્તાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાનો નિવેડો કરવા માટે અમને બંધારણની કેટલીક જોગવાઈઓનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૧૫૪ હેઠળ રાજ્યપાલમાં રાજ્યની કાર્યપાલક સત્તા નિહિત કરવામાં આવી છે અને તેઓ તે સત્તાનો ઉપયોગ સીધો અથવા તેમના આધીન અધિકારીઓ મારફતે બંધારણની જોગવાઈઓ અનુસાર કરશે. રાજ્યના વડા તરીકેના તેમના કાર્યોના નિર્વહમાં વિશેષરૂપે નિર્દિષ્ટ કરાયેલા કાર્યો સિવાય, તેમના કાર્યોના પ્રયોગમાં રાજ્યપાલને મુખ્યમંત્રીના વડપણ હેઠળની મંત્રિમંડળ દ્વારા સલાહ આપવામાં આવે છે. મંત્રિમંડળ રાજ્યની વિધાનસભા પ્રત્યે સામૂહિક રીતે જવાબદાર છે. બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ રચાયેલા કાર્યસંચાલનના નિયમો સરકારના કાર્યના સુવિધાજનક વ્યવહાર માટે તથા મંત્રીઓ વચ્ચે કાર્યના વહેંચાણ માટે છે. બંધારણના અનુચ્છેદ ૧૬૬(૨) મુજબ, રાજ્ય સરકારનો નિર્ણય તેના હેઠળ રચાયેલા નિયમો અનુસાર પ્રમાણીકૃત કરવામાં આવવો આવશ્યક છે. તેથી રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ કોઈપણ નિર્ણય મંત્રિમંડળની સામૂહિક જવાબદારી અને તેવા નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેમની ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે. મંત્રિમંડળના વડા તરીકે મુખ્યમંત્રી માત્ર વિધાનમંડળ પ્રત્યે જ નહીં, પરંતુ રાજ્યપાલ પ્રત્યે પણ જવાબદાર છે. રાજ્યના વડા તરીકે રાજ્યપાલ મુખ્યમંત્રીના વડપણ હેઠળના

મંત્રિમંડળની સહાય અને સલાહથી કાર્ય કરે છે. બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ રચાયેલા નિયમો બંધારણના ભાગ ૩, પ્રકરણ ૨ માં સમાવિષ્ટ બંધારણીય આજ્ઞાનું પાલન કરાવવામાં સહાયરૂપ છે. તેથી, રાજ્ય સરકારનો નિર્ણય આ નિયમોની આવશ્યકતાઓને પણ પૂર્ણ કરતો હોવો જોઈએ.

૬૨. વડી અદાલત સમક્ષ તેમજ અમારી સમક્ષ પણ, અહીંના અપીલકર્તાઓ દ્ધારા એવી દલીલ કરવામાં આવી હતી કે અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ બનાવવામાં આવેલા નિયમો સ્વરૂપે માત્ર નિર્દેશાત્મક છે અને તેમનું પાલન ન થવાથી રાજ્ય સરકાર દ્ધારા લેવાયેલ નિર્ણય અયોગ્ય થતો નથી. વડી અદાલતે તેની સમક્ષ ઉલ્લેખિત વિવિધ ચુકાદાઓનો વિચાર કર્યા બાદ આ દલીલ ફગાવી દીધી હતી અને એવું ઠરાવ્યું હતું કે ઉક્ત નિયમો ફરજિયાત સ્વરૂપના છે અને તેમનું પાલન ન થવાથી ગંભીર પરિણામો ઉપસ્થિત થશે. આવા નિષ્કર્ષે પહોંચવા માટે વડી અદાલતે અપનાવેલ તર્કસંગત કારણદર્શન દ્દઢ છે અને બંધારણીય આજ્ઞા સાથે સુસંગત છે. રાજ્ય સરકારના નિર્ણયો બંધારણના અનુચ્છેદ ૧૫૪ અને ૧૬૬ની આજ્ઞા તેમજ તે હેઠળ બનાવવામાં આવેલા નિયમો મુજબ હોવા જોઈએ, અન્યથા એવો નિર્ણય સરકારના નિર્ણયનું સ્વરૂપ ધારણ કરતો નથી અને તે રદબાતલ ગણાય. બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ બનાવવામાં આવેલા કાર્યવ્યવહારના નિયમો સરકારના કાર્યના સુગમ વ્યવહાર માટે છે અને આ કાર્યનો વ્યવહાર તે કાર્યવ્યવહારના નિયમોને અનુરૂપ તથા બંધારણના અનુચ્છેદ ૧૫૪ની આવશ્યકતા મુજબ ન્યાયસંગત અને યોગ્ય રીતથી થવો આવશ્યક છે.

તેથી, જો મંત્રિમંડળ અથવા મુખ્ય પ્રધાન કોઈ વ્યક્તિગત મંત્રી દ્વારા લેવાયેલા નિર્ણયમાં પક્ષકાર ન રહ્યા હોય, તો એવો નિર્ણય રાજ્ય સરકારનો નિર્ણય ગણાવી શકાય નહીં અને તે આદિથી જ અસ્તિત્વહીન તથા શૂન્ય ગણાશે. આ નિષ્કર્ષને હરિદ્વાર સિંહ વિ. બાગુન સામ્બ્રુઈ અને અન્ય (૧૯૭૩) ૩ એસ.સી.સી. ૮૮૯ ના કેસમાં આ અદાલતના ચુકાદાથી આધાર મળે છે. ઉક્ત કેસમાં આ અદાલત ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ બનાવાયેલા બિહાર રાજ્યના કાર્યવ્યવહારના નિયમો વિષે વિચારણા કરી રહી હતી અને આ મુદ્દા પર આ અદાલત દ્વારા કરાયેલ અવલોકનો વર્તમાન કેસ પર સંપૂર્ણ રીતે લાગુ પડે છે. આ અદાલતે આ મુજબ અવલોકન કર્યું હતું:

"૧૪. જ્યાં કોઈ નિર્ધારિત જોગવાઈ જાહેર ફરજના પાલન સાથે સંબંધિત હોય અને તેનું અવગણન કરીને કરવામાં આવેલા કાર્યોને અમાન્ય ગણવાથી તેવા વ્યક્તિઓ પ્રત્યે, જેઓને તે ફરજ સોંપવામાં આવેલાઓ પર કોઈ નિયંત્રણ નથી, ગંભીર સામાન્ય અસુવિધા અથવા અન્યાય સર્જાય, ત્યાં આવી જોગવાઈને સામાન્ય રીતે માત્ર તેવા લોકોના માર્ગદર્શન માટેની સૂચના તરીકે સમજવામાં આવે છે, જેમના પર તે ફરજ લાદવામાં આવી છે.

૧૫. જોકે, જ્યાં કોઈ સત્તા અથવા અધિકાર નિશ્ચિત નિયમન અથવા ઔપચારિકતા પાલન કરવાની દિશા સાથે પ્રદાન કરવામાં આવ્યો હોય, ત્યાં તે અધિકાર અથવા સત્તાની પ્રાપ્તિ માટે તેના કડક પાલનને આવશ્યક ગણવું ન તો અન્યાયી લાગે છે અને ન તો અયોગ્ય.

૧૬. વધુમાં, નિયમ ૧૦(૨) સ્પષ્ટ કરે છે કે જ્યાં કોઈ પ્રસ્તાવ માટે નાણાં

વિભાગ સાથે પૂર્વ પરામર્શ આવશ્યક હોય અને પરામર્શ પછી તે વિભાગ પ્રસ્તાવ સાથે સંમત ન થાય, ત્યાં પ્રસ્તાવની શરૂઆત કરનાર વિભાગ તે પ્રસ્તાવ અંગે વધુ કોઈ કાર્યવાહી કરી શકતો નથી. નિર્ણય લેવા માટે માત્ર મંત્રીમંડળ જ સક્ષમ રહેશે. જ્યારે આપણે જોઈએ છીએ કે પરામર્શ પછી કોઈ પ્રસ્તાવ અંગે નાણાં વિભાગની અસહમતિ, પ્રસ્તાવની શરૂઆત કરનાર વિભાગને તે અંગે વધુ કાર્યવાહી કરવાની સત્તાથી વંચિત કરે છે, ત્યારે એકમાત્ર શક્ય નિષ્કર્ષ એ છે કે પૂર્વ પરામર્શ સત્તાના ઉપયોગ માટે આવશ્યક પૂર્વશરત છે".

૬૩. જેમ અમે અગાઉ નિરીક્ષણ કર્યું છે, તેમ આ નિરીક્ષણો હાલના પ્રકરણને પણ સમાન રીતે લાગુ પડે છે અને આ દૃષ્ટિકોણના પ્રકાશમાં, અમે એવું ઠરાવવામાં કોઈ મુશ્કેલી અનુભવતા નથી કે બંધારણના અનુચ્છેદ ૧૬૬ (૩) ની જોગવાઈઓ હેઠળ ઘડાયેલા કારોબારી નિયમો ફરજિયાત સ્વરૂપના છે અને તેમનું કડક પાલન થવું જ જોઈએ. આ નિયમોના ઉલ્લંઘનમાં સરકાર દ્વારા લેવાયેલ કોઈપણ નિર્ણય કાનૂનની નજરે રદબાતલ ગણાશે.

૬૪. આ કાનૂની પૃષ્ઠભૂમિમાં જ અમારી સમક્ષ ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનો નિવેડો કરવો છે. વડી અદાલતે રાજ્ય સરકાર દ્વારા તેની સમક્ષ રજૂ કરાયેલ ફાઈલોની તપાસ કરી છે અને ઉક્ત દસ્તાવેજોમાં પ્રતિબિંબિત થતા તથ્યોની નોંધ લીધી છે. વડી અદાલતે નોંધ્યું મુજબ, વીજ શુલ્કમાં ૨૫% ની રાહત ૦૧/૦૪/૧૯૯૫ થી પાછી ખેંચવાનો પ્રયત્ન રાજ્ય સરકારે ૨૧/૦૭/૧૯૯૪

ના રોજ યોજાયેલી મંત્રિમંડળની બેઠકના અનુસંધાનમાં કર્યો હતો અને તે માટે તા. ૩૧/૦૩/૧૯૯૫ ની સૂચના જારી કરવામાં આવી હતી. રાજ્ય વિધાનસભામાં પહેલા સામાવાળા દ્વારા કોલિંગ એટેન્શન નોટિસ માટે કરવામાં આવેલી દરખાસ્તથી સ્પષ્ટપણે રાજ્ય સરકાર પ્રેરાઈ હતી કે ૦૧/૧૦/૧૯૯૧ થી ૩૧/૦૩/૧૯૯૫ વચ્ચેના ગાળા માટે ૨૫% ની રાહત મંજૂર કરવા માટે એક યોજના ઘડી કાઢવામાં આવે. તેથી વીજ પ્રધાને ૦૮/૦૭/૧૯૯૫ ના રોજ મુખ્ય વિદ્યુત ઈજનેરને એવી યોજના ઘડવા જણાવ્યું, જેમણે તે અનુસાર પ્રસ્તાવિત યોજના અંગે નોંધ તૈયાર કરી. અગાઉની સૂચના તા. ૩૧/૦૩/૧૯૯૫ ની સૂચના દ્વારા રદ કરવામાં આવી હોવાથી, ૨૫% ની રાહતનો સમયગાળો વધારવા બાબતે કાયદા વિભાગ પાસેથી સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું. તા. ૨૫/૦૮/૧૯૯૫ ના રોજ કાયદા વિભાગ દ્વારા એક નોંધ મૂકવામાં આવી, જેમાં દર્શાવવામાં આવ્યું કે ૨૫% ની રાહત માત્ર ૦૧/૧૦/૧૯૯૧ થી ૩૧/૦૩/૧૯૯૫ દરમિયાન જ ઉપલબ્ધ રહેશે અને ૩૧/૦૩/૧૯૯૫ ના રોજ અથવા તે પછી વીજ પુરવઠો મેળવનાર ઔદ્યોગિક એકમો તે માટે હકદાર નહીં બને. તા. ૧૪/૦૨/૧૯૯૬ ના રોજ મુખ્ય વિદ્યુત ઈજનેરે એક નોંધ રજૂ કરી, જેમાં રાહત અંગેની સૂચનામાં સુધારો કરવાની દરખાસ્ત હતી, અને તેમાં એક્સ્ટ્રા હાઈ ટેન્શન ગ્રાહકોને ૨૫% ની રાહતનો લાભ વિસ્તૃત કરવાની મંજૂરી માગવામાં આવી હતી. આ મસૂદો અભિપ્રાય માટે કાયદા વિભાગને મોકલવામાં આવતા, તે અંગે એવો અભિપ્રાય આપવામાં આવ્યો કે પ્રસ્તાવિત સૂચનાને ભૂતલક્ષી અસર આપવી કાનૂની રીતે અનુમત્ય નહોતી. તેમ છતાં, ઉક્ત સુધારાને તે સમયના

વીજ પ્રધાન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ ૦૨/૦૫/૧૯૯૬ ના રોજ યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેને અમલમાં મૂકવામાં આવ્યો નહોતો. તા. ૦૩/૦૫/૧૯૯૬ ના રોજ વીજ પ્રધાને સુધારાત્મક સૂચના બહાર પાડવાનો આદેશ કર્યો, કારણ કે ત્યાં સુધીમાં ચૂંટણી પૂર્ણ થઈ ગઈ હતી, અને તે અનુસાર તા. ૧૫/૦૫/૧૯૯૬ ની સૂચના જારી કરવામાં આવી, જો કે આ વિષય ક્યારેય મંત્રિપરીષદ અથવા મુખ્ય પ્રધાન સમક્ષ મૂકવામાં આવ્યો નહોતો. ગોવા સરકારના કાર્ય નિયમોના ઉલ્લંઘનરૂપે, વીજ ગ્રાહકોના વધારાના વર્ગને આવરી લેતું હોવાથી પ્રસ્તાવિત સુધારાને ભૂતલક્ષી અસર આપી શકાતી નથી એવો કાયદા સચિવનો અભિપ્રાય હોવા છતાં, ઉક્ત સૂચના માત્ર વીજ પ્રધાનના નિર્દેશો પરથી જારી કરવામાં આવી હતી. તેથી, ઉક્ત સૂચના ટકી શકે તેવી નથી અને વડી અદાલતે યોગ્ય રીતે ઠરાવ્યું છે કે તે અસ્તિત્વહીન છે અને આરંભથી જ શૂન્ય અને અમાન્ય છે.

૬૫. ઉદ્યોગ વિભાગના પ્રેરણાથી અને આવી રાહત માટે ઔદ્યોગિક એકમો તરફથી સતત થતી માંગણીઓના પરિપ્રેક્ષ્યમાં, વીજ શુલ્કમાં ૨૫% રાહતને ફરીથી અમલમાં મૂકવાના વિષયને વીજ વિભાગે ફરી એક વાર હાથ ધર્યો. આ બાબત વીજ વિભાગ દ્વારા વિચારણા હેઠળ લેવામાં આવી અને તે માટેનો પ્રસ્તાવ મુખ્ય વિદ્યુત ઇજનેર પાસેથી માંગવામાં આવ્યો. પાત્રતા પ્રમાણપત્રો જારી કરવામાં ઉદ્યોગ વિભાગ અને વીજ વિભાગની ભૂમિકા અંગે પણ એક પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો. મુખ્ય વિદ્યુત ઇજનેર દ્વારા રજૂ કરાયેલ ૨૫/૦૭/૧૯૯૬

તારીખની નોંધમાં દર્શાવવામાં આવ્યું હતું કે આવા પ્રમાણપત્રો વીજ વિભાગ દ્વારા જારી કરવામાં આવશે, કારણ કે સહાય તે વિભાગ જ આપતો હતો. ત્યારબાદ કમિશનર અને સચિવ (વીજ) એ ૩૦/૦૭/૧૯૯૬ના રોજ વીજ મંત્રીને વિગતવાર નોંધ રજૂ કરી અને છેલ્લે જણાવાયેલા મંત્રીએ "૦૧/૧૦/૧૯૯૧ના રોજ અથવા ત્યારબાદ વીજળીનો લાભ લેવા માટે અરજી કરનાર તમામ ઔદ્યોગિક એકમો" શબ્દોની જગ્યાએ "૧૦/૦૧/૧૯૯૧ના રોજ અથવા ત્યારબાદ અરજી કરનાર અથવા લાભ લેનાર તમામ ઔદ્યોગિક એકમો" શબ્દો પ્રતિસ્થાપિત કરીને પોતાની મંજૂરી આપી; તેમજ અગાઉની તે અધિસૂચના, જેમાં ૨૫% રાહત ૨૭/૦૬/૧૯૮૮ તારીખની અધિસૂચના મુજબના શુલ્ક પર આપવાની હતી, તેના વિરુદ્ધ, પ્રચલિત શુલ્કમાં સમયાંતરે લાગુ રહેતા ઊર્જા શુલ્ક પર આ રાહત આપવાની હતી. વીજ મંત્રીના નિર્ણય/મંજૂરી અનુસાર, ૦૧/૦૮/૧૯૯૬ તારીખની અધિસૂચના મંત્રિપરિષદ સાથે કોઈ પરામર્શ કર્યા વગર અથવા તેની સમક્ષ પ્રસ્તાવ મૂક્યા વગર અથવા મુખ્યમંત્રી સમક્ષ રજૂ કર્યા વગર અથવા નાણાં વિભાગ સાથે પરામર્શ કર્યા વગર જારી કરવામાં આવી, જોકે અધિસૂચનાનો મસૂદો જારી કરતાં પહેલાં કાનૂન વિભાગને મોકલવામાં આવ્યો હતો.

૬૬. એ પણ નોંધવું જરૂરી છે કે તા. ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચના દ્વારા રાજ્ય સરકાર વિજ દરમાં ૨૫% રાહતનો લાભ ફરીથી અમલમાં લાવવા ઈચ્છતી હતી. જો રાજ્ય સરકારે નીતિગત નિર્ણયરૂપે ઉક્ત રાહતને ફરીથી અમલમાં

લાવવાની ઈચ્છા રાખી હોય, તો એ અનિવાર્ય હતું કે ઉક્ત નિર્ણય સરકારના નિર્ણયની આવશ્યકતાઓને અનુરૂપ હોય અને તે માત્ર વિભાગીય આદેશ અથવા સૂચના તરીકે બાકી ન રહે. વડી અદાલતે નોંધ પર રહેલી ટિપ્પણીઓની ચકાસણી કર્યા બાદ નોંધ્યું છે કે રાહતના પુનઃપ્રવર્તનની શરૂઆત ઉદ્યોગ વિભાગના પ્રેરણાથી કરવામાં આવી હતી અને પુનઃપ્રવર્તન માટેનો પ્રસ્તાવ કાર્યસંચાલન નિયમોના નિયમ ૯ અને ૧૦ની જોગવાઈઓને આકર્ષતો હતો, છતાં નાણાં વિભાગની સંમતિ મેળવવામાં આવી ન હતી. તેના સમક્ષ રજૂ કરાયેલી ફાઇલમાંથી વડી અદાલતે એવું નિષ્કર્ષ કાઢ્યું છે કે આ નિર્ણયને મંત્રિપરીષદ અથવા મુખ્યમંત્રીને કોઈ સંદર્ભ કર્યા વિના વીજ મંત્રીએ પોતાના સ્તરે અંતિમ સ્વરૂપ આપ્યું હતું. વડી અદાલતે વધુમાં, પહેલા સામાવાળા દ્વારા આપવામાં આવેલી ફરિયાદના અનુસંધાને શરૂ કરાયેલી તપાસ દરમ્યાન મુખ્યમંત્રીએ તપાસ અધિકારીને લેખિતમાં આપેલા નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો છે કે વીજ મંત્રીએ તા. ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ના નિર્ણયોને લગતો પ્રસ્તાવ કોઈ પણ સમયે રજૂ કર્યો નહોતો. આ ઉપરાંત, દસ્તાવેજી નોંધ પરથી વડી અદાલતે એવું પણ નોંધ્યું છે કે સવલતી દર માટે ઔદ્યોગિક એકમોની પાત્રતા પ્રમાણિત કરનાર એજન્સીની હજી ઓળખ કરવામાં આવી નહોતી અને તા. ૦૧/૧૦/૧૯૯૧ થી તા. ૩૧/૦૩/૧૯૯૫ દરમ્યાનના સમયગાળા માટેની રાહત તા. ૨૭.૬.૧૯૮૮ની અધિસૂચના મુજબ આપવાની કે સમયાંતરે અમલમાં રહેલા દરના સંદર્ભથી આપવાની, તે મુદ્દો પણ બાકી હતો. તા. ૦૮/૦૭/૧૯૯૬ની નોંધનો વડી અદાલતે ઉલ્લેખ કર્યો છે. વડી અદાલતે વધુમાં

ઈલેક્ટ્રિકલ એન્જિનિયરના તા. ૧૦.૭.૧૯૯૬ના જવાબનો પણ ઉલ્લેખ કર્યો છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે માત્ર ભાવિ ઔદ્યોગિક ઉપભોક્તાઓ જ, જેમણે તા. ૦૧/૧૦/૧૯૯૧ના રોજ અથવા ત્યારબાદ અરજી કરી હતી અને વીજ પુરવઠાનો લાભ લીધો હતો, સવલત માટે પાત્ર હતા. શક્તિ વિભાગના કમિશનર અને સચિવની તા. ૩૦/૦૭/૧૯૯૬ની નોંધ પરથી વડી અદાલતે નોંધ્યું છે કે ઔદ્યોગિક એકમોની પ્રમાણિતતા/ચકાસણી વીજ વિભાગ દ્વારા કરી શકાય, કારણ કે સવલત ઉક્ત વિભાગ દ્વારા ઉપભોક્તાઓને આપવામાં આવવાની હતી. ઉક્ત નોંધમાં વીજ મંત્રીના કક્ષમાં યોજાયેલી બેઠકોનો પણ ઉલ્લેખ છે. નોંધમાં એ પણ દર્શાવાયું છે કે પાવર મિનિસ્ટ્રીના સચિવ, મુખ્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ઉદ્યોગ નિયામક અને નાણાં વિભાગના સંયુક્ત સચિવને સમાવેશ કરતી સ્ક્રિનિંગ સમિતિ રચવામાં આવે, જેથી માત્ર સાચા અને પ્રામાણિક દાવાઓ જ સ્વીકારવામાં આવે અને તેમને રાહત ચૂકવવામાં આવે, તેમજ તમામ શંકાસ્પદ દાવાઓની તપાસ અને ચકાસણી પણ થઈ શકે. નોંધમાં આવી બેઠકોમાંથી એકમાં લેવાયેલા એવા નિર્ણયનો પણ ઉલ્લેખ છે કે મુખ્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયરે કરેલી ભલામણોના આધારે, જે એકમોને પાંચ વર્ષ માટે બિલ કરવામાં આવે છે, તેમને માત્ર ઊર્જા શુલ્ક પર જ સમયાંતરે અમલમાં રહેલા પ્રચલિત દર મુજબ રાહત આપવામાં આવવી જોઈએ. ભલામણો અને/અથવા નિર્ણયો રાજ્ય સરકારના નાણાકીય હિત પર અસરકારક હતા અને નીતિગત નિર્ણયોમાં ફેરફાર સમાન પણ હતા. તેમ છતાં, ન તો વીજ મંત્રીએ આ પ્રસ્તાવો મંત્રિપરીષદ અથવા મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવું યોગ્ય અને ઉપયુક્ત ગણ્યું, અને

ન સંબંધિત સચિવે તેમ કરવું યોગ્ય માન્યું. પ્રસ્તાવો વીજ મંત્રીએ તા. ૩૦/૦૭/૧૯૯૬ના રોજ પોતાની તરફથી સૂચવાયેલ સુધારાઓ અનુસાર પોતાના સ્તરે જ અંતિમ બનાવ્યા, જે અમારી દષ્ટિએ કાર્યસંચાલન નિયમોના ઉલ્લંઘનરૂપ છે.

૬૭. વડી અદાલતે આ મુદ્દા સંબંધિત ફાઈલોનું અવલોકન કર્યું છે અને તેમાંથી નોંધ્યું છે કે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના ઉત્તર તૈયાર કરવા માટે તે જરૂરી હોવાથી ફાઇલ અંદાજે ૧૭/૦૩/૧૯૯૮ના રોજ વિકાસ આયુક્તને મોકલવામાં આવી હતી અને આયુક્તે ૨૫/૦૩/૧૯૯૮ના રોજ એક નોંધ રજૂ કરી હતી, જેમાં અહીંના પહેલા સામાવાળા દ્વારા નોંધાવાયેલી ફરિયાદનો ઉલ્લેખ હતો, જેમાં રાહતછૂટ આપવાના વિષયમાં ગેરકાયદેસરતા અને ભ્રષ્ટાચારના આક્ષેપ કરવામાં આવ્યા હતા. પહેલા સામાવાળાની ફરિયાદ ૩૧/૦૯/૧૯૯૧ની અધિસૂચનામાં કરાયેલા સુધારા અંગે હતી, જેને ૩૧/૦૩/૧૯૯૫ની અધિસૂચના દ્વારા રદ કરવામાં આવી હતી, અને તેણે આક્ષેપ કર્યો હતો કે ચોક્કસ પ્રકારના ઉપભોક્તાને સમાવેશ કરવા દુર્ભાવનાપૂર્ણ આશયથી આ સુધારો કરવામાં આવ્યો હતો અને સુધારક અધિસૂચનાના પરિણામે હદ સુધી દસ્તાવેજોમાં હેરફેર કરવામાં આવી હતી કે કેટલીક વ્યક્તિઓએ ૦૧/૧૦/૧૯૯૧થી ૩૧/૦૩/૧૯૯૫ની જાહેરિત અવધિ દરમિયાન યોજનાના લાભાર્થી બનવાનો પ્રયાસ કર્યો હતો. આયુક્તની નોંધમાં ૩૧/૦૩/૧૯૯૫ પછી ઔદ્યોગિક એકમોને રાહતછૂટ આપવાના સંબંધિત કેટલાક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. નોંધમાં

ઉઠાવવામાં આવેલા આક્ષેપો અનુસાર, જેમણે વીજ પુરવઠા માટે અરજી કરી હતી પરંતુ ૩૧/૦૩/૧૯૯૫ સુધી તેમને વીજ પુરવઠો આપી શકાયો ન હતો, એવા એકમોના કેસો રાજ્ય સરકારને સંદર્ભિત કરવાના હતા. જોકે, બાદમાં આ બાબત મુખ્ય વિદ્યુત ઈજનેરને આવા તમામ એકમોને જણાવેલી સહાયમદદ મુક્ત કરવાની મંજૂરી આપવા માટે છોડી દેવાનો નિર્ણય લેવાયો હતો. આયુક્તની નોંધમાં સહાયમદદ માટે પાત્ર ઔદ્યોગિક એકમોની સંખ્યા અને તે હેતુસર પ્રતિમાસ આવનાર બોજા સંબંધિત મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો અને તેને પ્રતિમાસ રૂપિયા ૮૦ લાખ તરીકે નિશ્ચિત કરવામાં આવ્યો હતો, તેમજ મંતવ્ય વ્યક્ત કરવામાં આવ્યું હતું કે બિલોમાં સમાયોજનના રૂપમાં સહાયમદદની કુલ રકમ રૂપિયા ૫૦ કરોડથી વધુ થશે. આ પાસાઓને ધ્યાનમાં લેતાં, નોંધમાં કાનૂની મુદ્દાઓનો ઉકેલ આવે ત્યાં સુધી રાહતછૂટ યોજના તાત્કાલિક સ્થગિત કરવાની ભલામણ કરવામાં આવી હતી. ૦૩/૦૪/૧૯૯૮ના રોજ સંયુક્ત કાનૂન સચિવે વિદ્યુત અધિનિંયમની જોગવાઈઓના પ્રકાશમા બાબતનું પરીક્ષણ કરીને પોતાનું સ્પષ્ટીકરણ આપ્યું હતું અને મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે રાહતછૂટ યોજના સ્થગિત કરવા માટે મંત્રીમંડળનો નિર્ણય જરૂરી હતો અને ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચના બહાર પાડવામાં આવે તે પહેલાં પણ, આ બાબત નાણાકીય પરિણામો ધરાવતાં નીતિનિર્ણયના ક્ષેત્રમાં આવતી હોવાથી, મંત્રીમંડળનો નિર્ણય અને નાણાં વિભાગની સંમતિ આવશ્યક હતી. નોંધના ઉપસંહારમાં કહેવામાં આવ્યું હતું કે ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચના કાયદા મુજબ ન હતી અને આ નિષ્કર્ષ સાથે કાનૂન સચિવ સહમત હતા. વિકાસ

આયુક્તે વધુમાં એવું માન્યું હતું કે ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચનામાં રહેલી આ ખામીના દષ્ટિએ બાબતનું મંત્રીમંડળ દ્વારા પુનર્વિલોકન થવું જરૂરી હતું અને તેની મંજૂરી અથવા અન્યથા માટે તે મંત્રીમંડળ સમક્ષ મૂકાશે. મુખ્ય સચિવ પ્રવાસે હોવાથી આયુક્તની નોંધ વીજ પ્રધાન સમક્ષ મૂકવામાં આવી હતી અને વીજ પ્રધાને બાબત મંત્રીમંડળ સમક્ષ મૂકવા દિશાનિર્દેશ આપ્યો હતો તથા વિષય સંબંધિત નાણાં અને ઉદ્યોગ વિભાગોની ફાઇલો મુખ્ય પ્રધાન સમક્ષ તેમના અવલોકન માટે મૂકવા પણ દિશાનિર્દેશ આપ્યો હતો. ૨૭.૦૫.૧૯૯૮ના રોજ ફાઇલ મુખ્ય પ્રધાન સમક્ષ તેમના અવલોકન માટે મૂકવામાં આવી હતી, જેમણે ત્યારબાદ નાણાં વિભાગનું મંતવ્ય માંગ્યું હતું અને એ જ દિવસે નાણાં સચિવે નાણાં વિભાગનું મંતવ્ય રજૂ કર્યું હતું અને બીજા જ દિવસે બાબત મંત્રીમંડળ સમક્ષ મૂકવામાં આવી હતી. અંતે રાજ્ય સરકારે રાહતછૂટનો લાભ પરત ખેંચવાનો નિર્ણય લીધો અને ૨૪/૦૭/૧૯૯૮ની અધિસૂચના બહાર પાડી. આ ઉપરાંત, અહીંના પહેલા સામાવાળાએ રજૂ કરેલી સામગ્રીમાંથી પણ એવું સૂચિત થતું હતું કે ૦૧/૦૮/૧૯૯૬ તારીખની અધિસૂચનાને અનુમોદિત કરવાનો પ્રયાસ થયો હતો અને કાનૂની અવરોધ ન હોત તો તે થઈ શક્યું હોત, તથા રાજ્ય સરકારે ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચનાના આધારે રાહતછૂટ યોજના ચાલુ રાખવામાં રહેલા કાનૂની અવરોધોને સમજી લીધા હતા. અમે સમજવામાં નિષ્ફળ જઈએ છીએ કે રાજ્ય સરકારે આ હકીકતો અગાઉના વાદના ચરણમાં આ અદાલત સમક્ષ અથવા વડી અદાલત સમક્ષ કેમ રજૂ કરી નહોતી, જેમાં સામાન્ય કલમો અધિનિયમની કલમ ૨૧ હેઠળની તેની સત્તાનો ઉપયોગ

કરીને સહાયમદદ પરત ખેંચવાની તેની સત્તિને માન્ય રાખવામાં આવી હતી. તેના બદલે, તેણે રાજ્ય સરકારને ભોગવવી પડતી નાણાકીય તંગીને રાહતછૂટ પરત ખેંચવાના કારણ તરીકે રજૂ કરવાનું પસંદ કર્યું. ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચના અંગે વધુમાં નોંધવું જરૂરી છે કે તેણે દર સંબંધિત રાહતછૂટનો લાભ ફરીથી અમલમાં મૂક્યો હતો અને ૦૧/૧૦/૧૯૯૧ના રોજ અથવા તે પછી જેમણે વીજ પુરવઠા માટે અરજી કરી હતી અથવા વીજ પુરવઠાનો લાભ લીધો હતો એવા એકમોને, સમયાંતરે અમલમાં રહેલા પ્રચલિત દર મુજબ, જે દરે તેઓને બિલ કરવામાં આવતા હતા, તેમને વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો તે તારીખથી પાંચ વર્ષની અવધિ માટે, તે લાભ ઉપલબ્ધ કરાવ્યો હતો. બીજી તરફ, ૩૦/૦૯/૧૯૯૧ની અધિસૂચનાએ ૨૭/૦૬/૧૯૮૮ની અધિસૂચનામાં નિર્ધારિત દરના આધારે તથા નીચા અને ઊંચા દબાણના વીજ ઉપભોક્તાઓને, જેમણે વીજ પુરવઠા માટે અરજી કરી હતી અને જેમને ૦૧/૧૦/૧૯૯૧ના રોજ અથવા તે પછી વીજ પુરવઠો આપવામાં આવ્યો હતો, રાહતછૂટ ઉપલબ્ધ કરાવી હતી. ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચનાએ, એવું જોવા મળે છે કે, ૩૦/૦૯/૧૯૯૧ની અધિસૂચનાની સરખામણીએ રાહતછૂટના લાભનો વ્યાપ વિસ્તૃત કર્યો હતો, જે અધિસૂચના ૩૧/૦૩/૧૯૯૫ની અધિસૂચના દ્વારા રદ કરવામાં આવી હતી. દસ્તાવેજોમાં આ નોંધાયેલું છે અને અમે વડી અદાલતના ચુકાદામાંથી નોંધીએ છીએ કે ૦૧/૦૮/૧૯૯૬ની અધિસૂચનાના પરિણામે રાજ્ય સરકારે ૧૯૯૧ની અધિસૂચના હેઠળ ઉપલબ્ધ લાભની તુલનામાં રૂપિયા ૮ કરોડ જેટલી વધુ રકમ ચૂકવી હતી અને જો

૧૯૯૬ની અધિસૂચના દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલો લાભ ચાલુ રાખવામાં આવ્યો હોત તો રાહતછૂટની કુલ રકમ રૂપિયા ૩૦ કરોડથી વધુ થઈ હોત.

૬૮. આ રીતે, ઉપરોક્ત ચર્ચામાંથી એ સ્પષ્ટ થાય છે કે કોઈ નિર્ણયને સરકારનો નિર્ણય ગણાવવા માટે તે ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) ની જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકારે બનાવેલા કાર્યસંચાલન નિયમોની આવશ્યકતાઓને પૂર્ણ કરતો હોવો જોઈએ. હાલના કેસમાં, જેમ અમારી દ્વારા અને વડી અદાલત દ્વારા નોંધવામાં આવ્યું છે, તેમ અધિસૂચનાઓ સુધી દોરી ગયેલા નિર્ણયો બંધારણના અનુચ્છેદ ૧૬૬(૩) ની જોગવાઈઓ હેઠળ ગોવા સરકારે બનાવેલા કાર્યસંચાલન નિયમોની આવશ્યકતાઓનું પાલન કરતા નથી અને આ અધિસૂચનાઓ પાવર મિનિસ્ટરે પોતાના સ્તરે લીધેલા નિર્ણયનું પરિણામ છે. વ્યક્તિગત મંત્રીએ લીધેલો નિર્ણય રાજ્ય સરકારનો નિર્ણય ગણાવી શકાય નહીં અને વ્યક્તિગત મંત્રીએ લીધેલા એવા નિર્ણયના પરિણામે બહાર પાડવામાં આવેલી, જે કાર્યસંચાલન નિયમોના ઉલ્લંઘનમાં છે, એવી અધિસૂચનાઓ આરંભથી જ શૂન્ય છે અને તેના અનુસંધાને કરવામાં આવેલી બધી કાર્યવાહી રદબાતલ અને શૂન્ય છે.

૬૯. અપીલકર્તાઓએ આ અદાલત સમક્ષ દલીલ કરી હતી કે વડી અદાલતની બીજી વિભાગીય ખંડપીઠે તેના અગાઉના તારીખ ૨૧/૦૧/૧૯૯૯ ના ચુકાદામાં એવું ઠરાવ્યું હતું કે તારીખ ૦૧/૦૮/૧૯૯૬ ની જાહેરનામું

સ્પષ્ટીકરણાત્મક હતું અને તેને અમલમાં મૂકવામાં આવે તે પહેલાં વ્યવસાય નિયમોના પાલનમાં મંત્રિમંડળની મંજૂરી જરૂરી બને એવી રાજ્ય સરકાર પર કોઈ વધારાની આર્થિક જવાબદારી તે ઊભી કરતી નહોતી. અમારી દ્દષ્ટિએ, ઉક્ત જાહેરનામુંને માત્ર સ્પષ્ટીકરણાત્મક તરીકે ગણાવી શકાય નહીં. તે સરકારી નિર્ણયના અનુસંધાનમાં બહાર પાડવામાં આવેલ જાહેરનામું છે. તે માત્ર વીજ મંત્રીના સ્તરે અંતિમ બનાવવામાં આવેલ નિર્ણય હતો અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ ઘડાયેલા વ્યવસાય નિયમોના ઉલ્લંઘનમાં લેવાયો હતો. સંવિધાનના અનુચ્છેદ ૧૫૪ હેઠળ જે અર્થમાં સરકારી નિર્ણય સમજવામાં આવે છે તે અર્થમાં આ નિર્ણયને સરકારી નિર્ણય કહી શકાય નહીં, ભલે તે પ્રમાણીકરણની આવશ્યકતાઓને પૂર્ણ કરતો હોય. તેમ છતાં, સંવિધાનના અનુચ્છેદ ૧૬૬(૨) મુજબ આવશ્યક એવા માત્ર પ્રમાણીકરણથી તે કાયદાની દ્દષ્ટિએ સરકારી નિર્ણય બની જતો નથી અને ન તો તે આરંભથી જ શૂન્ય એવા નિર્ણયને માન્યતા આપે છે. જાહેરનામાની માન્યતાની કસોટી સંવિધાનિક જોગવાઈઓ અને વ્યવસાય નિયમોના સંદર્ભમાં જ કરવી પડશે, તેના સ્વરૂપ અથવા સારતત્વના આધારે નહીં. તેથી, અપીલકર્તાઓની આ દલીલ નામંજૂર થવા પાત્ર છે.

૭૦. વિદ્ધાન વરિષ્ઠ વકીલ શ્રી એફ.એસ. નરીમને રજૂ કર્યું કે ખાનગી કાયદામાંથી ઉત્પન્ન થયેલો આંતરિક વ્યવસ્થાપનનો સિદ્ધાંત આ કેસના તથ્યો અને પરિસ્થિતિઓમાં અનુરૂપ રીતે લાગુ પડશે. આ રજૂઆતના જવાબમાં,

વિદ્ધાન વરિષ્ઠ વકીલ ડૉ. રાજીવ ધવને રજૂ કર્યું કે ખાનગી કાયદાનો ખ્યાલ જાહેર કાયદામાં સહજતાથી લાગુ પડતો નથી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી કે ઘણા પ્રસંગોએ ખાનગી કાયદા અને જાહેર કાયદાના ખ્યાલો નામ અને લખાણમાં સમાન હોય છે, પરંતુ તેમ છતાં તેમની વચ્ચે ભેદ કરવો જરૂરી છે. આ સંદર્ભે આ અદાલતની શ્રીષ્ઠ ધવન (સુશ્રી) વિ. શૉ બ્રોઝ. (૧૯૯૨) ૧ એસ.સી.સી. ૫૩૪ માં કરાયેલ અવલોકનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં આ મુજબ નોંધાયું છે: ૨૦.....પરંતુ જાહેર કાનૂનમાં છેતરપિંડી, ખાનગી કાનૂનમાં છેતરપિંડી જેવી નથી. તેમજ, વ્યાપારી વ્યવહારમાં છેતરપિંડી સ્થાપિત કરતાં તત્ત્વો, વહીવટી કાનૂનમાં છેતરપિંડીનું નિર્ધારણ કરવામાં સહાયક બની શકતા નથી. ખાવાજા મામલામાં લોર્ડ બ્રિજ દ્ધારા યોગ્ય રીતે અવલોકન કરવામાં આવ્યું છે કે, વૈધાનિક કાનૂનના સંદર્ભમાં છેતરપિંડીનું નિર્ધારણ કરતી વખતે છેતરપિંડીના પ્રભાવ અંગેના સામાન્ય કાનૂનના સૂત્રોને રજૂ કરવું જોખમકારક છે.

૭૧. ઈન્ડોર વ્યવસ્થાપનનો સિદ્ધાંત, રોયલ બ્રિટિશ બેંક વિ. ટર્ક્વાન્ડ, [૧૮૫૬] ૬ ઈ. એન્ડ બી. ૩૨૭ નામના કેસના આધારે, ટર્ક્વાન્ડ નિયમ તરીકે પણ ઓળખાય છે. આ કેસમાં, એક કંપનીના નિર્દેશકોએ ટર્ક્વાન્ડને એક બોન્ડ જારી કર્યો હતો. તેઓને કંપનીના લેખપત્રો હેઠળ એવો બોન્ડ જારી કરવાની સત્તા હતી, શરતે કે કંપનીની સામાન્ય સભામાં ભાગીદારો દ્ધારા પસાર કરાયેલા ઠરાવથી તેઓ સત્તાધિકૃત કરવામાં આવ્યા હોય. પરંતુ કંપની દ્ધારા એવો કોઈ ઠરાવ પસાર કરવામાં આવ્યો નહોતો. એવો નિર્ધાર કરવામાં આવ્યો કે ટર્ક્વાન્ડ

કંપની પાસેથી બોન્ડની રકમ વસૂલ કરી શકે, કારણ કે તેને એવો અનુમાન કરવાનો અધિકાર હતો કે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ઈન્ડોર વ્યવસ્થાપનનો સિદ્ધાંત રચનાત્મક નોટિસના સિદ્ધાંત અથવા નિયમથી સીધો વિપરીત છે, જે મૂળરૂપે કંપનીના હિતમાં બહારના વ્યક્તિ વિરુદ્ધ કાર્યરત એક અનુમાન છે. તે બહારના વ્યક્તિને એવો આક્ષેપ કરતાં અટકાવે છે કે તેને ખબર નહોતી કે કંપનીના બંધારણે કોઈ વિશિષ્ટ કૃત્ય અથવા સત્તાના વિશિષ્ટ સોંપણને અલ્ટ્રા વાયર્સ બનાવ્યું હતું. ઈન્ડોર વ્યવસ્થાપનનો સિદ્ધાંત રચનાત્મક નોટિસના નિયમનો અપવાદ છે. તે રચનાત્મક નોટિસના સિદ્ધાંત પર એક મહત્વપૂર્ણ મર્યાદા લાદે છે. આ સિદ્ધાંત મુજબ, કંપની સાથે વ્યવહાર કરતા વ્યક્તિઓને એવો અનુમાન કરવાનો અધિકાર છે કે સ્મૃતિપત્ર અને લેખપત્રોમાં નિર્ધારિત આંતરિક આવશ્યકતાઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું છે. તેથી ઈન્ડોર વ્યવસ્થાપનનો સિદ્ધાંત કંપની સાથે વ્યવહાર કરતા અથવા કરાર કરતા બહારના વ્યક્તિઓનું રક્ષણ કરે છે, જ્યારે રચનાત્મક નોટિસનો સિદ્ધાંત કંપની અથવા નિગમના આંતરિક વ્યક્તિઓનું બહારના વ્યક્તિઓ સાથેના વ્યવહારો સામે રક્ષણ કરે છે. તેમ છતાં, અનિયમિતતાની શંકા ઈન્ડોર વ્યવસ્થાપનના સિદ્ધાંતના અપવાદ તરીકે વ્યાપક રીતે સ્વીકારવામાં આવી છે. કરારને ઘેરતી પરિસ્થિતિઓ શંકાસ્પદ હોય અને તેથી તપાસને આમંત્રિત કરતી હોય ત્યારે આ સિદ્ધાંતનું રક્ષણ ઉપલબ્ધ રહેતું નથી.

૭૨. આ અપવાદને અંગ્રેજી મામલા જે.સી. હોટન એન્ડ કંપની વિ./નોથાર્ડ,

લોવ એન્ડ વિલ્સ લિમિટેડ, [૧૯૨૭] ૧ કેબી ૨૪૬ (સીએ) માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો, જેમાં મામલો ફળના દલાલો અને ફળ આયાત કરતી કંપની વચ્ચેના કરાર સંબંધિત હતો. એવો આક્ષેપ હતો કે આ કરાર કંપનીના નિયામકો દ્વારા સત્તા વિના કરવામાં આવ્યો હતો. એવો નિર્ધારિત કરવામાં આવ્યો હતો કે વ્યવહારનું સ્વરૂપ એવું હોવાનું જાણવા મળ્યું કે જેના કારણે વાદીઓને પૂછપરછ કરવા પ્રેરિત થવું જોઈએ હતું. આ સંદર્ભે લોર્ડ જસ્ટિસ સારગન્ટે નીચે મુજબ નિર્ધારિત કર્યું હતું:–

જે કેસોમાં પ્રશ્ન કંપનીની મુદ્રા લગાડવામાં આવી હોય ત્યારે કઈ ચોક્કસ ઔપચારિકતાઓનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં તે અંગે રહ્યો છે, જેમ કે રોયલ બ્રિટિશ બેન્ક વિ. ટર્કવન્ડ, ૬ ઈ. & બી. ૩૨૭, અથવા કાઉન્ટીગ્લોસ્ટર બ્લેન્ક વિ. રડ્રી મર્થિર, &ક., કો., [૧૮૯૫] ૧ ચી. ૬૨૯, તે વર્તમાન કેસથી સંપૂર્ણપણે ભિન્ન ઓળખી શકાય તેવા છે. ઇન રી ફાયરપ્રૂફ ડોર્સ, લિ., ઉપરોક્ત, અરજદારોના પક્ષમાં કરતાં વધુ તેમના વિરોધમાં વલણ દર્શાવે છે, કારણ કે જો એક માત્ર નિયામકને તૃતીય પક્ષો સામે એવો અધિકાર હતો જેનો અત્રે હવે દાવો કરવામાં આવે છે, તો તે કેસમાં તથ્યોની કરવામાં આવેલી સમગ્ર વિગતવાર તપાસ સંપૂર્ણપણે અનાવશ્યક હતી. કદાચ વર્તમાન કેસને સૌથી નજીક આવતો દાખલો બિગરસ્ટાફ વિ. રોલેટ્સ વ્હાર્ફ, [૧૮૯૬] ૨ ચી. ૯૩ માં જોવા મળે છે. પરંતુ ત્યાં જે પ્રતિનિધીના અધિકાર પર આધાર રાખવામાં આવ્યો હતો તે કંપનીની જાણ સાથે મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્ય કરતો હતો, અને કરવામાં આવેલ કાર્ય કંપનીના કારોબારના સંચાલનમાં મેનેજિંગ ડિરેક્ટરની સત્તાઓના

સામાન્ય વ્યાપમાં આવતું હતું. મારા મતે, તે સ્પષ્ટ છે કે જો તે વ્યવહાર આ સામાન્ય પ્રવાહમાં ન હોત, અથવા જો તે પ્રતિનિધી કંપનીના સામાન્ય નિયામકોમાંથી માત્ર એક તરીકે જ કાર્ય કરતો હોત, તો ત્યાં તે વ્યવહારને માન્યતા આપવામાં આવી ન હોત. મારા જ્ઞાન મુજબ એવો કોઈ કેસ નથી જેમાં કોઈ સામાન્ય નિયામક, હકીકતમાં સત્તા વિના કાર્ય કરતા હોવા છતાં, માત્ર આ આધાર પર કે તૃતીય પક્ષે એવું માની લીધું હતું કે નિયામકને કરાર કરવા માટે બોર્ડ દ્વારા સત્તા આપવામાં આવી હતી, તૃતીય પક્ષ સાથેના કરાર દ્વારા કંપનીને બંધનકારક ઠેરવવામાં સક્ષમ માનવામાં આવ્યો હોય. આવી ધારણા કરવાની હક્કની મર્યાદા બકલી ઓન ધ કંપનીઝ એક્ટ્સ, ૧૦મી આવૃત્તિ, પૃષ્ઠ ૧૭૫ પર, નીચેના સંક્ષિપ્ત શબ્દોમાં વ્યક્ત કરવામાં આવી છે: -- અને આ સિદ્ધાંત તેવા કેસમાં લાગુ પડતો નથી જ્યાં કંપનીના પ્રતિનિધિએ તેને આપવામાં આવેલી, અથવા જે તે પાસે હોવાનું પ્રગટ કરવામાં આવ્યું હતું, એવી કોઈપણ સત્તાની બહાર જઈને કંઈક કર્યું હોય.

૭૩. આંતરિક વ્યવસ્થાપનના સિદ્ધાંતનો આ અપવાદ અનુસંધાને ભારતના અનેક કેસોમાં સ્વીકારવામાં આવ્યો છે. તે કેસો છે બી. આનંદ બિહારીલાલ વિ. દિનશૉ એન્ડ કંપની (બેન્કર્સ) લિમિટેડ, એ.આઈ.આર. ૧૯૪૨ ઓધ ૪૧૭ અને અબ્દુલ રહેમાન ખાન અને અન્ય ૧ વિ. મફસ્સલ બેંક લિમિટેડ અને અન્યગણ, એ.આઈ.આર. ૧૯૨૬ અલ્હાબાદ ૪૯૭. આ અપવાદને વર્તમાન પરિસ્થિતિમાં લાગુ કરતાં, ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ તારીખની

સૂચનાઓ બહાર પાડવામાં વીજ પ્રધાનના વર્તન અંગે પૂરતો સંદેહ છે. તેથી અનિયમિતતાની નિશ્ચિત શંકા ઊભી થાય છે, જે વર્તમાન કેસમાં આંતરિક વ્યવસ્થાપનના સિદ્ધાંતને લાગુ પડતો નથી બનાવતી.

૭૪. અપીલકર્તા તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા એ દલીલ પણ કરવામાં આવી હતી કે ૦૧/૦૮/૧૯૯૬ તારીખની અધિસૂચના ૨૪/૦૭/૧૯૯૮ તારીખની અધિસૂચના દ્વારા રદ કરવામાં આવી હતી અને તેથી વડી અદાલતે ૦૧/૦૮/૧૯૯૬ તારીખની પડકારવામાં આવેલા જાહેરનામા અંગે નિર્ણય કરવો જરૂરી નહોતો અને જાહેર હિતના માર્ગે દાખલ કરાયેલ રિટ એપ્લિકેશન નિષ્ફળપ્રાય બની ગયેલી હોવાથી તેને નામંજૂર કરવી જોઈએ હતી. વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા રજૂ કરાયેલ "વિલયના સિદ્ધાંત" ના મુદ્દા અંગે અમારા જવાબને ધ્યાનમાં લેતા, આ મુદ્દે અમને વિશેષ સમય રોકાવાની જરૂર નથી.

૭૫. અમારી સમક્ષ પ્રતિવાદરૂપ દલીલો એવી રજૂ કરવામાં આવી છે કે સિવિલ પ્રક્રિયા સંહિતાના ઓર્ડર ૨ નિયમ ૨ ની જોગવાઈઓના આધારભૂત સિદ્ધાંતો તેમજ રેસ જુડિકેટા અને એસ્ટોપેલના સિદ્ધાંતના આધારે, વડી અદાલતે અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં ૩૦/૦૯/૧૯૯૧, ૩૧/૦૩/૧૯૯૫, ૧૫/૦૫/૧૯૯૬, ૦૧/૦૮/૧૯૯૬ અને ૨૪/૦૭/૧૯૯૮ તારીખની સૂચનાઓ અંગે વિચારણા કરીને નિષ્કર્ષો આપ્યા હતા, અને તે અંગે વડી

અદાલતનો ૨૧/૦૧/૧૯૯૯નો ચુકાદો સર્વોચ્ચ અદાલતના ૧૩/૦૨/૨૦૦૧ના આદેશમાં વિલીન થઈ ગયો હતો; હાલની વિવાદીય કાર્યવાહી દરમિયાન પડકારવામાં આવેલી સૂચનાઓ ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ તારીખની છે, અને રાજ્યએ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ ઘડાયેલા કાર્યસંચાલન નિયમોની જોગવાઈઓનું પાલન ન થવાને કારણે આ બન્ને સૂચનાઓ આરંભથી જ શૂન્ય અને અમાન્ય છે એવો મુદ્દો કોઈપણ અદાલત સમક્ષ ક્યારેય ઉઠાવ્યો ન હોવાથી, વડી અદાલતે રાજ્ય સરકારની આ દલીલ કે આ સૂચનાઓ ગેરકાયદેસર હતી અથવા કાર્યસંચાલન નિયમોના ભંગમાં હતી, તે નામંજૂર કરવી જોઈએ હતી અને રેસ જુડિકેટા, એસ્ટોપેલના સિદ્ધાંત તથા સિવિલ પ્રક્રિયા સંહિતાના ઓર્ડર ૨ નિયમ ૨ માં સમાયેલ સિદ્ધાંતોના આધારે રિટ એપ્લિકેશન ફગાવી દેવી જોઈએ હતી. વધુમાં એવું પણ આગ્રહપૂર્વક રજૂ કરવામાં આવ્યું હતું કે રાજ્યએ કોઈપણ તબક્કે કોઈપણ અદાલત સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો ન હોવાથી, હવે તેને આવું કરવાની પરવાનગી આપવી જોઈએ નહીં. અમને આ દલીલોમાં કોઈ જ સાર લાગતો નથી. જેમ અમે આ ચુકાદામાં અગાઉ નોંધ્યું છે, ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ તારીખની સૂચનાઓની માન્યતા અથવા કાયદેસરતા અંગેનો મુદ્દો વડી અદાલત સમક્ષ અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં ક્યારેય ઉઠાવવામાં આવ્યો નહોતો, અને સંવિધાનના અનુચ્છેદ ૧૬૬(૩) હેઠળ ઘડાયેલા કાર્યસંચાલન નિયમોના સંદર્ભમાં તેમની માન્યતા વિષે તપાસ કરવા, વિચારવા અને નિર્ણય આપવા માટે વડી અદાલતને ક્યારેય અવસર કે પ્રસંગ

મળ્યો નહોતો. અપીલકર્તાઓ દ્વારા આધારરૂપ ગણાવાયેલા આ સિદ્ધાંતો માત્ર એટલા માટે રાજ્ય સરકાર વિરુદ્ધ કાર્યરત થઈ શકતા નથી કે રાજ્યએ અગાઉની વિવાદીય કાર્યવાહી દરમિયાન, તેમ કરવા માટે તક હોવા છતાં, આ સૂચનાઓની કાયદેસરતા અથવા માન્યતા અંગેનો મુદ્દો વડી અદાલત અથવા આ અદાલત સમક્ષ ઉઠાવ્યો ન હતો; અને રાજ્ય સરકારે તે સૂચનાઓની કાયદેસરતા સ્વીકારી લીધી છે તથા તે અંગેનો પોતાનો વાંધો અથવા પડકાર છોડી દીધો છે એવું માનવામાં આવી શકે નહીં. તેથી, ખાસ કરીને ૧૫/૦૫/૧૯૯૬ અને ૦૧/૦૮/૧૯૯૬ તારીખની સૂચનાઓ કાર્યસંચાલન નિયમોની જોગવાઈઓનું પાલન ન થવાને કારણે જે ગેરકાયદેસરતાથી પીડિત છે, તેને ધ્યાનમાં લેતાં એસ્ટોપેલનો સિદ્ધાંત અહીં કોઈ રીતે લાગુ પડતો નથી. અમારી માન્યતા મુજબ, અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં રાજ્ય સરકારે આ વાંધાઓ ઉઠાવ્યા નહોતા એટલા માત્રથી તેને આવો અભિપ્રાય લેતા અયોગ્ય ઠેરવી શકાય નહીં અથવા કાનૂની જોગવાઈઓ પર આધારિત પોતાના વાંધા ઉઠાવતા અટકાવી શકાય નહીં. અપીલકર્તાઓની આ દલીલને નકારવાનો વધુ એક કારણ એ છે કે અહીંનો ૧લો સામાવાળા વડી અદાલત અથવા આ અદાલત સમક્ષ અગાઉની રિટ એપ્લિકેશનોના સમૂહમાં પક્ષકાર નહોતો. તેથી, રેસ જુડિકેટાના સિદ્ધાંતો, અથવા તો તે બાબતે એસ્ટોપેલનો સિદ્ધાંત પણ, તેના પર લાગુ પડશે નહીં કે તેની વિરુદ્ધ કાર્યરત થશે નહીં. વધુમાં, ૦૧/૦૮/૧૯૯૬ તારીખની સૂચનાથી રાજ્ય સરકાર પર કોઈ વધારાની આર્થિક જવાબદારી ઊભી થતી નહોતી અને તેથી તેને અમલમાં મૂકતાં પહેલાં મંત્રિમંડળની મંજૂરી અથવા કાર્યસંચાલન

નિયમોના પાલનની જરૂરિયાત ઊભી થતી નહોતી, એવી દલીલ પણ નામંજૂર થવા પાત્ર છે, કારણ કે નોંધ પર મૂકાયેલા આંકડા, જેમની વડી અદાલતે પોતાના ચુકાદામાં નોંધ લીધી છે, તે તેની વિરુદ્ધ જાય છે. ૦૧/૦૮/૧૯૯૬ તારીખની સૂચનાથી રાજ્ય પર આવનારી સંભવિત વધારાની જવાબદારી દર્શાવતા આ આંકડા અપીલકર્તાઓના નિવેદનને ખોટું ઠેરવે છે. તેથી, આ દલીલ નામંજૂર થવા પાત્ર છે.

૭૬. આ અપીલોનો નિકાલ કરતા પહેલાં, અમે સ્પષ્ટ કરીએ છીએ કે અમારા આ ચુકાદા દરમિયાન અમારી દ્વારા કરવામાં આવેલી નોંધો માત્ર આ અપીલોનો નિકાલ કરવા માટે જ છે અને તે તત્કાલીન વીજ મંત્રીના વર્તન અંગેની કોઈ અભિવ્યક્તિ તરીકે ગણવામાં આવશે નહીં.

૭૭. અપીલકર્તાઓ અમારા હસ્તક્ષેપને યોગ્ય ઠરાવે તેવી વડી અદાલતના આદેશમાં કોઈ પણ ખામી અથવા ગેરકાયદેસરતા દર્શાવવામાં સમર્થ થયા નથી. પરિણામે, દિવાની અપીલો નામંજૂર કરવામાં આવે છે. પક્ષકારોને પોતપોતાનો ખર્ચ વહન કરવાનો નિર્દેશ આપવામાં આવે છે.

*The translation of this judgment has been provided by*

*M/s. Hyperlink E-Solutions Pvt. Ltd.*

---

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા

ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.**